જૈની-જૈની ભાઇ-ભાઇ
ગુજરાતી દિગંબર જૈન સમાજ મહાસંઘનું મુખપત્ર
LOKADHAR
RNI NO MAH/GUJ/2005/15912
લોકાધાર
સમાજ-સંપ્રદાય-રાષ્ટ્રની સેવામાં સંઘ-મહાસંઘ તંત્રી: શ્રી પંકજ બી.શાહ
કાર્યાલય : શ્રી જૈન યુવા સંઘ, ૮મી ખેતવાડી, આર. કે. બિલ્ડીંગ નં.૩, મુંબઈ-૪૦૦ ૦૦૪. ✽ સહતંત્રી: શ્રી દેવેન્દ્ર એસ. શાહ
વોલ્યુમઃ ૨૧, અંકઃ ૮ સળંગ અંકઃ ૨૩૪ ઑગસ્ટ ૨૦૨૬, મુંબઇ કિંમત ₹ ૫, પાનાં : ૩૨
E-mail : jainyuvasangh.gdjsm@gmail.com • Website : https://www.gdjsm.org/

**ચિંતન**
દાન એ ભગવાનનું ધર્મ છે

## हाइकु

By પ.પૂ.આચાર્ય વિદ્યાસાગરજી મ.



### ‘હાઈકુ’ તે શું છે ?

ત્રણ લાઈનમાં બનાવવામાં આવતું તે કાવ્ય છે. શાયરી, મુક્તક વિ. બે-ત્રણ લાઈનમાં જ બનતી હોય છે અને તે અર્થસભર હોય છે તેનું વિશ્લેષણ કેટલાંક પાનામાં (pages) માં થાય તે કરનાર પ્રબુધ્ધ કે વિદ્વાન વ્યક્તિના ઉપર નિર્ભર છે.

### ‘હાઈકુ’ ની નિશ્ચિત ખાસીયત શું છે ?

‘હાઈકુ’ માં નિયમથી પ્રથમ પંક્તિમાં (લાઇનમાં) ‘૫ (પાંચ)’ અક્ષર (letters) હોય છે. બીજી પંક્તિમાં ‘૭ (સાત)’ અક્ષર હોય છે અને ત્રીજી પંક્તિમાં ‘૫ (પાંચ)’ અક્ષર હોય છે.

આ પંક્તિમાં ગૂઢાર્થ હોય છે તે ગૂઢાર્થ અત્રે ઘણા સંક્ષિપ્તમાં સમજાવવામાં આવેલ છે. આ ‘હાઈકુ’ પૂ.આચાર્ય ની રચના છે તેથી ધર્મનો ગૂઢાર્થ તેમાં ભરેલો છે. પૂ.આચાર્યશ્રી જ્ઞાન અને ચારિત્ર બન્નેમાં સમાજમાં (ખાસ કરી M.P.માં) બદલાવ લાવવા મહદ્ અંશે ફાળો આપેલ છે. તેમને ક્રાંતિકારી અનેક રચનાઓ કરેલ છે જેમાં ‘મૂકમાટી’ મુખ્ય છે.

૧૩.

गुणालय में,
एकाध दोष कभी,
तिल सा लगे।

भावार्थ - तिल बेदाग होता है। गोरा मुख है और एक गाल पर काला तिल है तो वह सुन्दर नहीं लगता। उसी प्रकार गुणों का खजाना भरा है परन्तु द्वेष भाव विद्यमान है तो वह सर्वांग सुन्दर शरीर में तिल के समान है। श्रामण्य में थोडासा दोष क्षम्य है लेकिन भूमिका के अनुरूप उसका भी उन्मूलन होना चाहिए।

૧૪.

पक्ष व्यामोह,
लौह पुरुष के भी,
लहू चुसता।

भावार्थ - मोह को संसार परिभ्रमण या सम्पूर्ण दुःखों का मुख्य कारण कहा गया है। श्री जिनेन्द्र भगवान ने सुख-प्राप्ति के लिए मोह का विनाश करने को सर्वोत्तम तप बताया है। अरिहंतों की पूज्यता और सिद्धों का पद तथा आचार्यों, उपाध्यायों एवं साधुओं की गुरुता मोह के विनाश का फल है और शाश्वत एवं स्वाश्रित सुख का बीज है। पक्षपात से मोह (व्यामोह) का विकास

ક્રમશઃ.... આવતા અંકે....

# ગુણ ગૌરવ સમારોહ કમ વિદ્યાર્થી કોન્ફરન્સ - ૨૦૨૬

# ગુજરાતી દિગંબર જૈન સમાજ મહાસંઘ,

## મુંબઈ (મહારાષ્ટ્ર) ઝોન અંતર્ગત

**શાહ સાકરલાલ બુલાખીદાસ અને શાહ અશોકભાઈ સાકરલાલ ગુણગૌરવ ફંડ**
**શાહ જયેશભાઈ જશવંતલાલ વિદ્યાર્થી કોન્ફરન્સ ફંડ**

**Sponsor: M/s. Ruloans Distribution Services (P) Ltd.**
**Chairman : Mr. Kaushik Ashokkumar Somchand Mehta • Toll No. : 18002667576**

**❖ સમારંભ ની તારીખ : ૦૪/૧૦/૨૦૨૬, રવિવાર, બપોરના ૨-૩૦ કલાકથી ❖**

- ❖ કોણ ભાઈ લઈ શકશે : ધો. ૮ અને ઉપરના સર્વ વર્ગના
- ❖ ઈનામના પ્રકારો : (૧) મેરીટ (૨) પુરસ્કાર
- ❖ **ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૭/૯/૨૦૨૬, સોમવાર**
- ❖ CA થનાર માટે ગોલ્ડ મેડલ નવેમ્બર-૨૦૨૫ અને મે-૨૦૨૬
  - શ્રી. સી. એમ. શાહ બોયઝ ગોલ્ડ મેડલ
  - શ્રીમતિ કમળાબેન સી. એમ. શાહ ગર્લ્સ ગોલ્ડ મેડલ
- ❖ વ્યક્તિગત દરેક સભ્યને Inland મોકલેલ છે.
- ❖ વ્યવસ્થાપક : મલાડ ડિવિઝન ❖ કાર્યક્રમ સ્થળ : દુર્ગા દેવી સરાફ હોલ, એસ.વી.રોડ, મલાડ (વેસ્ટ)

દરેક ડિવિઝન પ્રમુખને ફોર્મ્સ મોકલેલ છે.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖

# ઉત્તર ગુજરાત ઝોન - (H.Q. અમદાવાદ)

ઉત્તર ગુજરાત ઝોન ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે

**શાહ બિપિનચંદ્ર કાંતિલાલ ગુણગૌરવ ફંડ**

**Sponsor: M/s. Ruloans Distribution Services (P) Ltd.**
**Chairman : Mr. Kaushik Ashokkumar Somchand Mehta • Toll No. : 18002667576**

**❖ સમારંભની તારીખ : ૦૪/૧૦/૨૦૨૬, રવિવાર, સવારના ૮-૩૦ કલાકથી ❖**

- ❖ કોણ ભાઈ લઈ શકશે : ધો. ૮ અને ઉપરના સર્વ વર્ગના
- ❖ ઈનામ ના પ્રકારો : (૧) મેરીટ; (૨) પુરસ્કાર
- ❖ **ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૫/૯/૨૦૨૬, મંગળવાર**

**Masters, Super Speciality, Ph.D. C.A. વિ. નું સન્માન**

- ❖ કાર્યક્રમનું સ્થળ : The Aeran Restaurant & Banquets, N.H.-48, Near Palav Hotel, Gujarat (N)
- ❖ વ્યવસ્થાપક : તલોદ ડિવિઝન દરેક ડિવિઝનને બ્રોચર મોકલેલ છે / ફોર્મ્સ મોકલેલ છે.

❖ વ્યવસ્થાપક ❖
**તલોદ ડિવિઝન**



**બન્ને ઝોન માટે સભ્યોના બાળકો જ ભાગ લેવા હકદાર છે.**
**'ગુણ ગૌરવ મેન્યુઅલ' વાલી-વિદ્યાર્થી અવશ્ય વાંચે.**

# ઓનલાઇન યુવા મેળા-૨૦૨૬ નું સુરત ખાતે થયેલ આયોજન ની સચિત્ર ઝલક

## ૧૩મું જીવનસાથી પરિચય સંમેલન



સંઘ-મહાસંઘના ઈશ ગાન સમયનું દશ્ય....



ઓનલાઇન યુવા મેળાના કન્વીનર શ્રી.મનિષ પાનવાલાનું સન્માન કરતા પદાધિકારીઓ....



ઓનલાઇન યુવા મેળાની રજૂઆત સ્ક્રીન ઉપર નિહાળતા સંસ્થાના સર્વ ઝોનના પદાધિકારીઓ



ઓનલાઇન યુવા મેળાના મુખ્ય આયોજક કાર્યકરો...

ગુજરાતી દિગંબર જૈન સમાજ મહાસંઘ અંતર્ગત સાઉથ ગુજરાત ઝોન દ્વારા એક અનોખા કાર્યક્રમનું આયોજન થયું. અત્યાર પર્યંત ૧૩ જીવનસાથી પરિચય સંમેલન ફિઝિકલ મોડમાં મહાસંઘ દ્વારા ખુબજ ભવ્યતા સાથે આયોજીત થયા. સમયનાં બદલાવ અને સમયની માંગ સાથે એક નવી વિચારણા કરવામાં આવી અને આયોજન થયું, ઓનલાઇન પરિચય સંમેલન. શરૂઆતમાં આ સંદર્ભે સંસદનો વિશ્વાસ જીતવામાં થોડી મુશ્કેલી પડી, પરંતુ સમય જતા વિસ્તૃત વિચારણા સાથે કરવામાં આવેલી માંગણી સ્વીકારાય અને શરૂઆત થઇ સમાજનાં ટેકનોક્રેટ સાથે મિટિંગની. પાછલા અનુભવ અને પરિચય સંમેલનમાં જરૂરી માહિતી સાથે વેબ પોર્ટલ પર રજિસ્ટ્રેશન લિંક તૈયાર કરવામાં આવી. જેમાં ઉમેદવાર પોતે જ પોતાની તમામ માહિતી સાથે પાંચ ફોટા તેમજ એક મિનિટ સાથેનો ઇન્ટ્રોડકશન વિડિઓ મૂકી શકે એવું આયોજન કરવામાં આવ્યું. રજિસ્ટ્રેશન નાં પ્રથમ દિવસ થી જ સારો પ્રતિસાદ મળ્યો અને યુવક-યુવતી મળી ટોટલ ૪૯૩ જેટલા રજિસ્ટ્રેશન થયા. ઓનલાઇન પરિચય સંમેલન કરવાં પાછળનો મુખ્ય હેતુ ઓછા નાણાકીય ખર્ચ અને મુસાફરી કરીને આવતાં પરિવારને મુશ્કેલી નહીં પડે અને પરિવાર સાથે સંમેલન માણવાની સગવડતા મળી રહે એવો ઉદ્દેશ્ય હતો સાથે આજે જ્યારે સમાજના દરેક પરિવારમાંથી યુવક-યુવતી વિદેશમાં રહેતા હોય તેમને ઓનલાઇન પરિચય સંમેલન હોવાથી તેઓ પ્રત્યક્ષ જોડાય, જેથી સીધો લાભ તેઓને મળી શકે. વિદેશમાં રહેતા, અમેરિકા, કેનેડા, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, દુબઇ, જર્મની, આયર્લેન્ડ, ન્યૂઝીલેન્ડ તેમજ સ્વીડનથી ઉમેદવારોએ સીધો લાભ લીધો જે આ ઓનલાઇન કાર્યક્રમની મુખ્ય ઉપલબ્ધિ હતી.

મારાં વિચારોને સાકાર કરવાનો મોકો મળ્યો જે બદલ સર્વે શ્રી ગુજરાતી દિગંબર જૈન સમાજ મહાસંઘના પદાધિકારી તેમજ સાઉથ ગુજરાત ઝોનનો આભારી છું. હરહંમેશ યુવાનોને આગળ વધવામાં હોસલો પૂરો પાડનાર મહાસંઘના સ્થાપક આદરણીય શ્રી.અશોકભાઇ મહેતા તરફથી સંમેલન માટે દાનરૂપી મહત્વનું યોગદાન પ્રાપ્ત થયું. આવા ઉદારભાવ ધરાવતાં દાનવીર ભામાશા અશોકભાઇ મહેતાનો સાઉથ ગુજરાત ઝોન વિશેષ આભાર માને છે.

લગભગ ચાર મહિના આ પ્રક્રિયામાં સંમેલનને સફળ બનાવવાં મારી પડખે રહેનાર અને અંમેલનનાં મુખ્ય કન્વીનર શ્રી.હિરેન ચુડાવાલા, વેબ ડિઝાઇનર ટેક્નોક્રેટ શ્રી.દિશાંત ગાંધી, શ્રીમતી શ્વેતા ચુડાવાવલા, શ્રી.અશોકભાઇ રાનકુવાવાળા તેમજ મદદરૂપ થનાર સર્વેનો અંતરમનથી સહૃદય આભાર વ્યક્ત કરૂં છું.

# ગુજરાતી દિગંબર જૈન સમાજ મહાસંઘના

## નવસારી ડિવિઝનનું નવનિર્માણ અને તેના ઉદ્‌ઘાટનની સચિત્ર ઝલક

| | | | |
|---|---|---|---|
| પ્રમુખ | : | અનંત હર્ષદરાય શાહ | ૯૮૨૪૫ ૯૨૮૨૧ |
| ઉપપ્રમુખ | : | નિલેશ શાંતિલાલ કાશલીવાલા | ૯૯૦૯૯ ૪૨૯૭૭ |
| ખજાનચી કમ મંત્રી | : | અમિત કાંતિલાલ શેઠ | ૯૦૧૬૧ ૫૭૨૪૬ |

**કારોબારી મેમ્બર**

| | | | | | |
|---|---|---|---|---|---|
| લલિતભાઈ જૈન | : | ૭૯૮૪૫ ૮૮૫૯૫ | કલ્પેશ જૈન | : | ૭૯૮૪૪ ૭૪૪૦૮ |
| સંજયભાઈ શાહ | : | ૯૪૨૬૧ ૮૮૨૮૯ | ધવલ ગાંધી | : | ૯૮૯૮૧ ૫૮૦૨૮ |
| આશિષ જૈન | : | ૯૧૦૬૦ ૩૫૧૩૬ | કેવલ શાહ | : | ૭૬૦૦૮ ૪૪૦૮૯ |



ડિવિઝનના ઉદ્‌ઘાટન સમયે સંઘ-મહાસંઘ ના ઈશગાન કરતા મા.અધ્યક્ષશ્રી/દ.ગુ.ઝોન અને
નવસારી ડિવિઝનના પદાધિકારીઓ અને મુંબઈથી પધારેલ મહેમાનો અને સમારંભ પ્રમુખશ્રી



દ.ગુ.મહિલા ડિવિઝન અને નવસારી ડિવિઝનના પદાધિકારીઓની અધ્યક્ષશ્રી શપથવિધિ કરાવી રહેલ છે




સાંસદશ્રી વસંત કોટડીયા ઉદ્‌ઘાટન પ્રસંગે સભાને સંબોધન કરી રહ્યા છે



નવસારી ડિવિઝનના પ્રમુખશ્રી
સંબોધન કરી રહ્યા છે

# હવાલાથી ચલણ વેચાણ કરનારાના હાલ

**તંત્રી નોંધ :** આ કોલમ 'બેન્કર ની ડાયરી' માં બેન્ક સાથેના વ્યવહારો કરતા જે ઘટનાઓ ઘટેલ તેને સ્વ.શ્રી.લકુમ સાહેબે આકર્ષક વાર્તાઓ બનાવી સત્ય હકિકતો રજુ કરી વર્ણન કરેલ છે. જ્ઞાન સાથે સાહિત્ય અને બેન્કોના અનુભવો આ વાંચવાથી વાંચકને જાણવા મળે તે આ કોલમનો હેતુ છે. - સહસંપાદક, સંગીતા રાજેશ દોશી

એક વહેલી સવારે મનોજ ગાંધી વરંડામાં બ્રશ કરતા હતા ત્યારે નીચેથી કોઈ મોટા અવાજે બોલ્યું, 'સાહેબ, સારું થયું અત્યારમાં તમે મળી ગયા.' મનોજ ગાંધી એક રાષ્ટ્રીયકૃત બેન્કમાં ઓફિસર હતા. તેમને સવારે મળવા આવનાર અરવિંદભાઈ પરીખ, નાઈરોબી અને આફ્રિકાના અન્ય દેશોમાં ઘણા વર્ષો રહીને રાજકોટ આવેલા હતા. તે કોઈ નોકરી-ધંધો કરતા નહિ પણ કોઈ પૂછે તો કહેતા કે, 'આપણે એક્સચેંજનું કામ કરીએ છીએ.' આ એક્સચેંજનું કામ એટલે ગેરકાયદેસર રીતે પરદેશમાં વિદેશી ચલણ લઈને તેને હવાલા મારફત રૂપિયામાં ફેરવી દેશમાં લાવવાનું કામ હતું. તે દિવસોમાં વિદેશી ચલણના ભાવ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા નક્કી કરતી. આ રીતે બાંધેલ ભાવ પ્રમાણે બેન્કો એક બ્રિટિશ પાઉન્ડ સામે રૂ.૧૩ આપતી; જ્યારે કાળા બજારમાં એક પાઉન્ડનો ભાવ લગભગ રૂ. ૨૮ નો ચાલતો હતો. આટલો બધો ભાવફેર હોવાને કારણે પરદેશમાં રહેતા નોન-રેસિડન્ટ ભારતીયો હવાલા મારફત પૈસા નિયમિત રીતે દેશમાં મોકલતા - તે ચિઠ્ઠીના પૈસા તરીકે પણ ઓળખાતા આ માટે અરવિંદભાઈ જેવા દલાલો કામ કરતા. તેઓ પરદેશની બેન્કોમાં વિદેશી ચલણના ખાતા રાખતા. પરદેશમાં વસતા નોન-રેસિડેન્ટ ભારતીયો પાસેથી પાઉન્ડ કે ડોલર લઈ પોતાના પરદેશમાંના ખાતામાં જમા કરતાં અને તેની સામે ભારતમાં રૂપિયા ચૂકવતા.




એ વખતે દેશમાં ફેરાનો કાયદો (ફોરેન એક્સચેંજ રેગ્યુલેશન એક્ટ) અમલમાં હતો અને પરદેશથી હવાલા મારફત રકમો મોકલવાનું ગુનો ગણાતું. પણ દલાલો તે કાયદાની પરવા કરતા નહિ.

અરવિંદભાઈ જ્યારે અમારી બેન્કમાં આવે ત્યારે બેન્કનું એક ખાલી કવર માંગતા; સાધારણ રીતે કોઈ ગ્રાહક બેન્કમાંથી લીધેલ રોકડ રકમ સાચવીને ઘરે લઈ જવા કવર માંગે તો બેન્કના પટ્ટાવાળા તે આપે; મનોજ ગાંધીને એક કલાર્ક દિનેશભાઈએ કહેલું, 'સાહેબ, આ અરવિંદભાઈ રોજ આપણું ખાલી કવર શું કામ માંગે છે તે જાણો છો?' મનોજ ગાંધીએ પૂછ્યું, 'શું કામ?' દિનેશભાઈએ જણાવ્યું, 'અરવિંદભાઈ આપણા કવરમાં પરદેશની બેન્કોને પોતાના પત્રો મોકલાવે છે.'

કાયદા પ્રમાણે દેશમાં રહેતા લોકો પરદેશની બેન્કોમાં ખાતા ન રાખી શકતા. જો તેઓના પરદેશમાં ખાતા હોય તો તેઓ તે બેન્ક સાથે પત્રવ્યવહાર કરે તેને આધારે આ ચોરી પકડાઈ જતી. પરદેશ જતાં પત્રો અને તેમાંય પરદેશની બેન્કોને મોકલતા પત્રો અને પરદેશની બેન્કોમાંથી આવતા પત્રોની ચકાસણી પોસ્ટ ઓફિસમાં ખાસ કરવામાં આવતી. પોસ્ટ ઓફિસમાં આ કામ કસ્ટમના માણસો કરતા. કવર ઉપરથી શંકા જાય તો તે ખોલીને અંદરનો પત્રવ્યવહાર તપાસવાની તેઓને સત્તા હતી. સાધારણ રીતે બેન્કો તરફથી પરદેશની શાખાઓ કે અન્ય બેન્કોને લખાવેલા પત્રોના વ્યવહારો કાયદેસરના હોય એમ માનીને બેન્કના કવરો બહુ ચકાસવામાં આવતા નહિ. આ જાતની વિધિનો ગેરલાભ લઈ અરવિંદભાઈ પરદેશની બેન્કોને નાણા અંગેની સૂચનાના પત્રો બેન્કના કવરમાં મોકલતા. આ બાબતની જાણ મનોજ ગાંધીએ બેન્કના મેનેજરને કરી પછી અરવિંદભાઈને કવર આપવાનું બંધ થયું.

તે સમયે ગૈરકાયદેસર રકમોની હેરાફેરી સામાન્ય હતી અને તેને પરિણામે પરદેશથી આવતું વિદેશી ચલણ સરકારને મળતું ન હતું. ભારત સરકાર પાસે વિદેશી ચલણ (ફોરેન એક્સચેંજ) ની ખેંચ હતી. વર્ષ ૧૯૬૫ માં જ્યારે પાકિસ્તાન સાથે યુદ્ધ થયું ત્યારે પરદેશથી શસ્ત્રો ખરીદવા ભારત સરકારને વિદેશી ચલણની જરૂર પડી હતી. ત્યારે ભારત સરકારને સલાહ મળેલી કે પરદેશ ગયેલા ભારતીયો પાસે વિદેશી ચલણ

ઘણું હતું પણ રિઝર્વ બેન્કના કડક નિયમોને કારણે તેઓ દેશમાં રકમો મોકલતા નથી. ત્યાર પછી વિદેશી ચલણના કાયદામાં સુધારા કરવાની શરૂઆત થઈ.

લંડનથી આવેલા સુરેશભાઈનું નોન-રેસિડેન્ટ ખાતું હતું. તે બેન્કમાં મનોજ ગાંધીને વારંવાર મળતા. સુરેશભાઈને રાજકોટમાં મકાન લેવું હતું. મકાન ખરીદવા ખાતામાંથી રકમ ઉપાડવી હોય. તો રિઝર્વ બેન્કની પરવાનગી લેવી પડતી. તે વખતે આવા ખાતામાંથી ફક્ત રહેવા માટે મકાન ખરીદવાનું હોય તો રિઝર્વ બેન્ક પરવાનગી આપતી રાજકોટમાં નોન-રેસિડેન્ટ ખાતાંઓમાંથી આ રીતે ઉપાડેલી રકમમાંથી રામકૃષ્ણનગર વસી ગયેલું.

સુરેશભાઈએ મકાન ખરીદવા રિઝર્વ બેન્કની પરવાનગી મેળવેલી પણ તેમને માટે પ્રશ્ન જુદો હતો. પરદેશથી આવતા લોકો માટે કોઈ નાણાકીય પ્રશ્ન હોય ત્યારે તેઓ બેન્કની સલાહ લેતા. સુરેશભાઈએ મનોજ ગાંધીને પૂછ્યું. 'મારે મકાન લેવાનું છે પણ વેચનાર અમુક રકમ રોકડેથી બ્લેકમાં માંગે છે.' મારી પાસે લંડનમાં ખાતામાં રાખેલા વ્હાઈટના પૈસા છે. તો ત્યાંથી કોઈ બ્લેકમાંથી નાણાં મંગાવી આપે તેવું ખરું ?' મનોજ ગાંધીને બેન્કના ઓફિસર તરીકે આવી બાબતમાં સલાહ આપવાનું ઉચિત જાણાયું નહિ. પણ એ જ વખતે અરવિંદભાઈ બેન્કમાં આવ્યા તેથી તેણે સુરેશભાઈ સાથે અરવિંદભાઈની ઓળખાણ કરાવી આપી. પછી સુરેશભાઈનું કામ પતી ગયું.

તે બનાવ પછી એકાદ અઠવાડિયા બાદ મનોજ ગાંધી બેન્કમાં પોતાની ખુરશી ઉપર બેસવા ગયા ત્યારે ટેબલ ઉપર એક કવર પડ્યું હતું. મનોજ ગાંધીએ પટાવાળાને પૂછ્યું, 'આ શું છે ?' તે પૂછવા સાથે એમનું ધ્યાન થોડે દૂર ઊભેલા અરવિંદભાઈ ઉપર ગયું. અરવિંદભાઈએ દૂર ઊભા ઊભા ઈશારો કર્યો કે તે કવર તેમણે મૂક્યું છે અને મનોજ ગાંધી માટે છે. મનોજભાઈએ કવર ખોલ્યું તો તેમાં કેટલાક રૂપિયા હતા. તેમણે અરવિંદભાઈને પૂછ્યું, 'આ શું છે ?'

અરવિંદભાઈએ કહ્યું, 'તમે અમને એક્સચેંજનો બિઝનેશ અપાવ્યો તેનું કમિશન છે. તમારા માટે.'

ત્યારે મનોજ ગાંધીને સુરેશભાઈની ઓળખાણ કરાવ્યાની વાત યાદ આવી પણ તરત અરવિંદભાઈને બોલાવીને કવર પાછું આપતાં કહી દીધું, 'અમે સરકારી નોકરિયાત છીએ, આવા બિઝનેશ ન કરી શકીએ.'

ત્યારપછી ઘણા દિવસ અરવિંદભાઈ બેન્કમાં દેખાયા ન હતા. એકાએક સવારે મનોજ ગાંધીને ઘરે તે આવ્યા તે આશ્ચર્યની બાબત હતી. મનોજભાઈએ, અરવિંદભાઈને ઉપર બોલાવ્યા અને સવારમાં આવવાનું શું કારણ છે તે અંગે પૂછ્યું. સવારની ઠંડક હોવા છતાં અરવિંદભાઈના ચહેરા ઉપર પરસેવો હતો. પછી અરવિંદભાઈએ હકીકત જણાવી કે તેમના ઉપર ઈન્ફોર્સમેન્ટ ખાતાની નોટિસ આવી હતી. તેમને રૂબરૂ મળવા મુંબઈ બોલાવેલા હતા. તેમના કેટલાક ગેરકાયદેસરના વ્યવહારો પકડાઈ ગયા હતા અને તે માટે એમને ખુલાસો કરવાનો હતો. તેમણે ધીમેથી ઉમેર્યું, નોટિસમાં લખ્યું છે કે સાથે વકીલ કે અન્ય કોઈને લાવવા નહીં. મને બીક લાગે છે કે આપણને લાફો તો નહિ મારે ને?'

મનોજભાઈએ એમને સમજાવ્યું કે, 'તમે જે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરો છો તેનું આ પરિણામ છે.'

અરવિંદભાઈએ દયામણા સ્વરે કહ્યું, 'સાહેબ, આમાંથી નીકળવાનો કોઈ રસ્તો બતાવો.'

અરવિંદભાઈને મળેલ નોટિસનો જવાબ લખવામાં મનોજભાઈએ મદદ કરી. જે વ્યવહારો પકડાયેલા તે બહુ મોટી રકમના ન હતા. મનોજભાઈએ અરવિંદભાઈને કહ્યું, 'આ જવાબ લઈને મળી આવજો; જે કંઈ પેનલ્ટી કે સજા થાય તેની તૈયારી રાખવાની.'

ત્યારબાદ મહિના પછી અરવિંદભાઈ બેન્કમાં આવ્યા અને મનોજભાઈને કહ્યું, 'સાહેબ, પેલું બધું પતી ગયું છે.' તે વખતે અરવિંદભાઈએ માથા ઉપર સફેદ ટોપી પહેરેલી હતી. સાધારણ રીતે કોઈ નજીકના સગાં ગુજરી જાય ત્યારે માથાના વાળ ઉતારીને કોઈ ટોપી પહેરતા હોય છે. મનોજભાઈએ અરવિંદભાઈની ટોપી તરફ આંગળી ચીંધીને ઈશારાથી પૂછ્યું, 'કેમ પહેરી છે?'

અરવિંદભાઈ સાવ નજીક આવીને બોલ્યા, 'સાહેબ, પેલી નોટિસની માથાકૂટમાંથી તો છૂટયા પણ એક બીજી મુશ્કેલી થઈ છે. જીબુટીથી એક આરબ મારફત રૂપિયા વીસ લાખ આવવાના છે. એક મહિનો થઈ ગયો ને આરબ દેશમાં દેખાયો ન હતો. આટલી મોટી રકમ જો મારે ચૂકવવાની આવે તો હું તો રસ્તા ઉપર આવી જઉં. તેની ચિંતામાં મારી તો ઊંઘ હરામ થઈ ગઈ અને મારા માથાના બધા વાળ ખરી પડ્યા. કાલ સાંજે સમાચાર મળ્યા કે તે આરબ મુંબઈ પહોંચ્યો છે. એટલે આજે મેં આમ બહાર નીકળવાની હિંમત કરી. બસ, આપણા માટે એક્સચેંજનું આ છેલ્લું કામ - હવે પછી આ ધંધો બંધ.'


મનોજ ગાંધીને થયું કે દેશને લૂંટનાર પોતાના પાપે દુઃખી થયો એ પણ કુદરતનો ન્યાય ગણાય.

★★★★

# દેશ-વિદેશના મહાપુરૂષોને ઓળખો

**તંત્રી નોંધ :** દેશ-વિદેશ કે રાજ્યના મહાપુરૂષોના વિભાગમાં પ્રેરણા મળે તે હેતુથી જે-તે વ્યક્તિના વિવિધ ક્ષેત્રે આપેલ સેવા તથા ક્રાંતિકારી યોગદાન કરનાર મહાપુરૂષોના સંક્ષિપ્ત જીવની અને તેમના કાર્યો આપવામાં આવે છે.... તે ક્યા સંપ્રદાયના કે ક્યો ધર્મ પાળે છે કે પાળતા હતા તે જોવામાં આવતું નથી. કોઈપણ ક્ષેત્રે તેમને કેવું યોગદાન આપેલ છે તે જ જોવામાં આવે છે.

## ૧ રામશાસ્ત્રી પ્રભુણે




મહાન ન્યાયમૂર્તિ રામશાસ્ત્રી પ્રભુણેનો જન્મ સાતારા પાસેના માહુલી ગામમાં ૨૨-૮-૧૭૨૦ ના રોજ થયો હતો. નાનપણથી જ તેઓ બનારસ ગયેલા અને ત્યાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ધર્મશાસ્ત્રમાં પારંગત બની તેઓ રામમાંથી રામશાસ્ત્રી બન્યા. વિદ્વાન બનેલા નાનાસાહેબ પેશ્વાના ધર્મખાતામાં નોકરીએ જોડાયેલા. રામશાસ્ત્રીની વિદ્વતા, ન્યાયપરાયણતા અને નિઃસ્વાર્થતાથી પ્રભાવિત થઈને માધવરાવ પેશ્વાએ તેમને મુખ્ય ન્યાયાધીશ બનાવ્યા. પેશ્વાઓના રાજ્યમાંથી વેઠની પ્રથા સદંતર બંધ કરાવવાનું શ્રેય રામશાસ્ત્રીને ફાળે જાય છે. પરંતુ એમના જીવનની યાદગાર ઘટના તો, એમણે પેશ્વા નારાયણરાવની હત્યા કરાવવાના ગુના બદલ, પોતે જેના નોકર હતા તે રાઘોબાને દેહાંતદંડની સજા ફરમાવી તે છે. સમાજની રૂઢિઓ અન્યાયી લાગે તો તેનો છડેચોક વિરોધ કરતાં તેઓ જરા પણ પાછી પાની કરતા નહીં. એમના જીવનમાં સાદગી, નિર્ભયતા અને નિરાભિમાનીના અનેક દષ્ટાંતો ગ્રંથસ્થ થયેલાં છે. રાજ્યમાંથી મળતા નજીવા પગારથી વધુ કોઈ ભેટ સોગાદથી અલિપ્ત જ રહી તેમણે પ્રામાણિકતા અને નિસ્પૃહતાનું ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. ન્યાયની દષ્ટિએ નિષ્પક્ષપાતી નિર્ણય આપવો એ એમની ખાસિયત હતી. પેશ્વાના શાસનકાળ દરમિયાન ભારતને નૈતિક બળ પૂરૂં પાડનાર મહાન ન્યાયમૂર્તિ રામશાસ્ત્રી પ્રભુણેના ઐતિહાસિક નિર્ણયોના વખાણ ગ્રેંટ ડફ જેવા પરદેશી ઈતિહાસકારે પણ કર્યા છે.

## ૨ નર્મદાશંકર દવે



પ્રેમ અને શૌર્યની કવિતાઓ ગાનાર એ નીડર પત્રકાર નર્મદનો જન્મ ૨૪-૮-૧૮૩૩ ના રોજ સુરતમાં થયો હતો. આ આદિપુરૂષનું જીવન એટલે આંધી, તુફાન અને ઝંઝાવાત. એનો જીવનમંત્ર એટલે પ્રેમ અને શૌર્ય. શિક્ષણ દરમિયાન તેજસ્વી કારકિર્દી ધરાવતા હતા. મિત્રોની સહાયથી તેણે બુદ્ધિવર્ધક સભાની સ્થાપના કરી, સુરત-રદિરમાં નોકરી સ્વીકારી. ટૂંકા ગાળામાં જ નોકરી છોડીને કલમને ખોળે જીવન વીતાવવાનો નિર્ણય લીધો. એમના કાવ્યોમાં લાલિત્ય કે ચારૂતા કરતાં જોમ અને જુસ્સો વધુ દેખાય છે. 'નર્મદકોશ', 'નર્મદ સર્વસંગ્રહ', 'નર્મદનું ગદ્યમંદિર' વગેરે તેના ચિરસ્થાયી સર્જનો છે. સુધારાની પ્રવૃત્તિ અને પ્રગતિ માટે તેણે 'ડાંડિયો' નામનું પત્ર પ્રગટ કર્યુ. સમાજમાં ચાલતા જુઠાણાં, જુલમ અને સ્વાર્થ સામે એણે જીવનભર સંઘર્ષ કર્યો. વિશ્વનાથ ભટ્ટે ખરૂં જ કહ્યું છે કે 'ભલે એ વીર કાવ્ય લખી ન ગયો પરંતુ એ વીર કાવ્ય જીવી ગયો.' ઈ. ૧૮૮૬ ના ફેબ્રુવારી માસમાં તેમનું અવસાન થયું. બ્રિટનના ગુજરાતી સાહિત્ય અકાદમીના જગદીશ શાહે અનેકવાર અમદાવાદ આવી વીર નર્મદના જીવનકાર્ય પર નાટક રજૂ કરી હૂબહૂ અભિનય આપી સતત ત્રણ કલાક નર્મદ બની નર્મદને ગુજરાતમાં જીવતો જાગતો, ગાજતો-ગજવતો કર્યો એ ઘટના નોંધપાત્ર છે. નર્મદે આપેલ મંત્રને સાથે મળીને આપણે સૌ ગાઈએ : 'જય જય ગરવી ગુજરાત.'

## ૩ માઈકલ ફેરાડે



વિદ્યુત ડાયનેમોની શોધ કરનાર બ્રિટીશ વૈજ્ઞાનિક માઈકલ ફેરાડેનો જન્મ લંડનમાં ઈ. ૧૭૯૧ માં થયો હતો. તેર વર્ષની વયે તેમણે બુક બાઈન્ડીંગ કામ શરૂ કર્યુ. તે કામ કરતા છાપેલા ફરમા વાંચવાનો એને નાદ લાગ્યો. વિદ્યુતના લેખો અંગેનું તેમજ રસાયણશાસ્ત્રનું એમ બંને પુસ્તકો વાંચવા મળ્યાં. પરિણામે એમનામાં રસાયણવિદ્યા અને વિદ્યુતશક્તિ અંગે જે રસ ઉત્પન્ન થયો, તેમાંથી ચુંબકીય વિદ્યુતની એમની શોધ પ્રાપ્ત થઈ. ત્યારબાદ 'રોયલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ' માં પ્રયોગશાળાના સહાયક તરીકે જોડાયા. ડેવીના સહકાર્યકર્તા તરીકે એમની પ્રયોગશાળામાં કામ કરવાનો મોકો મળતા તેમની બુદ્ધિપ્રતિભા ઓર ખીલી ઊઠી. ઈલેક્ટ્રોલીસીસના ક્ષેત્રમાં વિદ્યુત પસાર કરીને દ્રાવણમાં રહેલા પદાર્થોને છૂટા કરવાની પ્રક્રિયા તેમણે શોધી કાઢી. તેમના વિદ્યુત અને ચુંબકત્વના પ્રયોગોના આધારે વિદ્યુત મોટરનો જન્મ થયો હતો. તેમની આ શોધને કારણે ચુંબકત્વનું વિદ્યુત પ્રવાહમાં રૂપાંતર કરવું શક્ય બન્યું. પ્રકાશ વિજ્ઞાનમાં પણ તેમનું યોગદાન રહ્યું છે. ૨૬-૮-૧૮૬૭ ના રોજ તેમણે આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. વિદ્યુત સંબંધી વિશ્વની સંપૂર્ણ ઉદ્યોગ શૃંખલા ફક્ત આ એક જ દિગ્ગજના ખભા પર ઊભેલ છે. હમ્ફ્રી ડેવીએ કહેલું કે 'મારી સારામાં સારી શોધ તે માઈકલ ફેરાડે છે.' એ વિધાન કેટલું સત્ય હતું તેની પ્રતીતિ આજે વિશ્વભરને થઈ રહી છે.



વિશ્વાસ અને પ્રેમ એ જીવનના બે પાંખ છે, જેને કારણે આપણું જીવન ઊંચી ઉડાન ભરે છે.

''આતમ હિત કા દુર્લભ અવસર મહાભાગ્ય સે પાયા હૈ
આપ સમ નિજ પદ પાનેકો મેરા ચિત્ત હુલસાયા હૈ''

**તંત્રી નોંધ :** છેલ્લા કેટલાંક અંકથી આ વિભાગ શરૂ કરેલ છે. આ વિભાગમાં સોનગઢ ના સંતશ્રી કાનજીસ્વામી ને પૂછવામાં આવેલ પ્રશ્નો અને જવાબો આપવામાં આવી રહ્યા છે. આ પ્રશ્નોનો અભ્યાસ કરશો તો જણાશે કે તેના પૂછનાર અધ્યાત્મરસિક જીજ્ઞાસુ છે. અન્યથા સામાન્ય વર્ગ ને તો આવા પ્રશ્નો ઉદભવે પણ નહિ. પૂ.શ્રી. કાનજીસ્વામી અધ્યાત્મવેતા હતા. તે તેમના જવાબો ઉપરથી જણાય છે. જૈન દર્શન-વૈદિક (હિન્દુ પાળે છે તે) દર્શન અને બુધ્ધ દર્શન આ ત્રણેય ભારતભૂમીના દર્શનો છે અને હજુ પણ મોટા પ્રમાણમાં જીવંત છે. એક અપેક્ષાએ જોઈએ તો એક યા બીજી રીતે આ ત્રણેય દર્શન નો પ્રાણ **આત્મા** છે. (આત્માનું લક્ષણ જ્ઞાન છે જે કોઈપણ ગતિમાં જીવ જાય તો અલ્પાંશે પણ તેની સાથે જ હોય છે) આમ છતાં તેમાં તફાવત છે. હિન્દુ દર્શન ની માન્યતા તેમ છે કે ઉપર ભગવાન છે અને દશ્યમાન બધા જીવો તે ભગવાનના અંશ છે. ક્રમશ વ્યક્તિ પોતાના આત્મા માં જ લીનતા કરે છે અને ભગવાનને ધ્યેય બનાવી (ઉપરવાળાને) તેમાં લીન થાય છે અને કાળક્રમે તેનો મોક્ષ થાય છે **ત્યારે તે ભગવાનમાં ભળી જાય છે કારણ કે તે તેનો અંશ હતો. જૈન દર્શન આ માન્યતા સ્વીકારતું નથી.** જૈન દર્શન ના **મહર્ષિઓ** (તીર્થંકરો) ના મતે દરેક જીવ (આત્મા) સ્વતંત્ર છે. **ઉપરવાળો કોઈ નથી.** ઉપરવાળો ભગવાન, હિન્દુ પ્રમાણે, કર્તા-હર્તા છે જૈન મત તે વાત સ્વીકારતો નથી. આ માટે જૈન મહર્ષિઓએ **આત્મા ને અસંખ્ય પ્રદેશી બતાવેલ છે. ચેતન તત્વ** છે અને તેનું એક લક્ષણ **જ્ઞાન** છે. હિન્દુ જેટલું સીધે-સીધુ-સાદુ આ દર્શન નથી. આ દર્શન ને સમજવા માટે એટલે કે આત્માને સમજવા માટે **દ્રવ્યાનુયોગ ના શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે. દ્રવ્યાનુયોગ** ના શાસ્ત્રોના રચનાર આચાર્ય કુંદકુંદ મુખ્ય છે (પ્રબુધ્ધ વ્યક્તિઓ ચારેય અનુયોગમાંથી અધ્યાત્મ કાઢે છે જે સામાન્ય વર્ગની

વધુ સામેના પાને....

### ભગવાન આત્મા

(૧૦)

**પ્રશ્ન :** પર્યાયમાં પ્રભુતા કેમ પ્રગટે?

**ઉત્તર :** અરે ભાઈ ! તું રાગાદિથી નિર્લેપસ્વરૂપ પ્રભુ છો !' કષાય આવે તેને જાણવા તે તારી પ્રભુતા છે. કષાયને મારા માનવા તે મારી પ્રભુતા નથી. તું નિર્લેપ વસ્તુ છો. તને કષાયનો લેપ લાગ્યો જ નથી. આત્મા તો સદાય કષાયોથી નિર્લેપ તરતો ને તરતો જ છે. જેમ સ્ફટિકમણિમાં પરનું પ્રતિબિંબ પડે છે તેમ કષાયભાવો - વિભાવો જ્ઞામાં જણાય છે. તે તારામાં પેઠા નથી. તું નિર્લેપ છો. વ્રતાદિના વિકલ્પો આવે તે સંયોગીભાવ જ્ઞાયકથી ભિન્ન છે. જ્ઞાયકની જાતના નથી. તેથી કજાછે, પર જાત છે, સ્વજાત-સ્વજ્ઞેય નથી. તું જ્ઞાયકસ્વરૂપ નિર્લેપ પ્રભુ છો. એ પ્રભુતાનો અંતરથી વિશ્વાસ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

(૧૧)

**પ્રશ્ન :** આત્મવસ્તુ અવ્યક્ત છે તો કેમ જણાય ?

**ઉત્તર :** વર્તમાન વર્તતી પર્યાય વ્યક્ત છે-પ્રગટ છે. તે પર્યાય ક્યાંથી આવે છે? કોઈ વસ્તુ છે તેમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે ? તરંગ છે તે પાણીમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે? તેમ પર્યાય છે તે અદ્ધરથી આવે છે? તેમ પર્યાય છે તે અદ્ધરથી આવતી નથી પણ અંદર વસ્તુ અવ્યક્ત-શક્તિરૂપ છે તેમાંથી આવે છે. વ્યક્ત પર્યાય અવ્યક્ત આત્મશક્તિને પ્રસિદ્ધ કરે છે-બતાવે છે.

(૧૨)

**પ્રશ્ન :** 'જ્ઞાન તે આત્મા'-એમ કહીને ફક્ત જ્ઞાન દ્વારા જ આત્માની ઓળખાણ કેમ કરાવી? જીવનું મૂળ પ્રયોજન તો આનંદ પ્રાપ્ત કરવાનું છે ને ?

**ઉત્તર :** આત્માને ઓળખાવવા જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, એમ કહ્યું છે. કારણ તે પાન તે પ્રગટ અંશ છે અને આનંદનો અંશ કાંઈ પ્રગટ નથી, પ્રગટ

### જ્ઞાનગોષ્ઠિ ચર્ચા પ્રસારીત કરવાનું કારણ

આત્મા ને મુક્તિ પ્રાપ્તી થવા અર્થે સૌ પ્રથમ આત્માનું સ્વરૂપ કેવા પ્રકારે રહેલુ છે. તે જાણવું આવશ્યક છે અને તે પહેલા જૈન ધર્મના સિધ્ધાંતો વસ્તુનું બંધારણ, મોક્ષમાર્ગ, બંધમાર્ગ ઈ. શું છે તે જાણવું અત્યંત આવશ્યક છે. તે સમગ્ર જાણકારી 'જ્ઞાનગોષ્ઠી' પુસ્તક માંથી પ્રાપ્ત થાય છે. તે પુસ્તકમાં વિવિધ પ્રકરણોના માધ્યમથી તે વિષયોના ખુલાસા કરવામાં આવ્યા છે. જેમ કે, સમ્યકદર્શન પહેલા કેવી પાત્રતા હોય ? સમ્યકજ્ઞાન નો વિષય શું ? નિશ્ચય અને વ્યવહાર ચારિત્રનું સ્વરૂપ શું છે ? જે કાર્ય ઉપાદાનથી થાય છે તો તેમાં નિમિત્તનું સ્થાન શું ? જે કાર્ય થવા યોગ્ય પોતાના કાળે થાય તો તેમાં આપણો પુરૂષાર્થ શું ? જ્ઞાની શ્રાવકની અંતરંગ દશા અને બહિરંગ દશાનું વર્ણન ? ઈત્યાદી. અનેક જીજ્ઞાસાઓ સાથે આગમના આધાર સાથે ખુલાસા જોવા મળે છે. જે આત્માનુભવ માટે અત્યંત ઉપયોગી થઈ રહેશે. જીજ્ઞાસુ જીવોને તેના માધ્યમથી તેના સમાધાન મળશે. તેથી કરીને માર્ગ સમજવામાં સુગમ અને સરળ બની રહે તે હેતુએ આ ચર્ચા-અધ્યાત્મિક રસિક જીવો માટે અત્યંત લાભદાયી રહેશે.

*સામેના પાના પરથી ચાલુ....*

પહોંચ બહાર છે). **દ્રવ્યાનુયોગ** (સમયસાર વિ.) શાસ્ત્રોનો અભ્યાસ કરે તો અધ્યાત્મમાં શ્રધ્ધા થાય (એટલે કે આત્મામાં શ્રધ્ધા થાય) અધ્યાત્મમાં (કે આત્મા) પાકી શ્રધ્ધા વિના ગાડી આગળ બરાબર ચાલે નહિ. શ્રધ્ધા-ચિંતન-મનન-લગન-અભ્યાસ અને પ્રતિતી થકી ક્યારેક જીવને 'આત્મ અનુભવ' થાય તેને નિશ્ચય સમ્યગદર્શન માનવામાં આવે છે. એને ત્યાર બાદ ગુણસ્થાન પાટી ચાલુ થાય અને જીવ આત્મામાં લીન થઈ કાળક્રમે મુક્તિ પામે કે તેના દ્વારે ખડો રહે. જૈન મહર્ષિઓ ના મુતાબિક તને **મનુષ્યભવ** પ્રાપ્ત થયો છે તે સમ્યગદર્શન પ્રાપ્ત કરી **મુની બની** મુક્તિના પગથીયા ચડવાના માટે મળેલ છે. ચોથા કાળમાં આઠ-દસ વર્ષના ભરત ચક્રવર્તી ના પુત્રો દીક્ષા લઈ મુક્તિ પધાર્યા અને વર્તમાનમાં અધ્યાત્મશાસ્ત્રો ના રચયિતા **શ્રી કુંદકુંદ સ્વામી અગિયાર વર્ષની વયે દીક્ષા લીધેલ હતી. જૈન દર્શન આત્માને સ્વતંત્ર બતાવે છે** અને જિનવાણી (અભ્યાસ કરે તેને, તે પણ સદ્ગુરૂ ના સમીપ) માતા આત્માને પામવાની અને મુક્તિ મેળવવાનો **પથ** બતાવે છે. જ્યારે અરિહંત અવસ્થા પ્રગટે છે તે કેવળી ભગવંત કહીએ છીએ તેમણે પ્રત્યક્ષપણે આત્માનું પ્રદેશો દેખાય છે. (અરિહંત કે સિધ્ધ થતાં ચોથા ગુણસ્થાનની શરૂ કરી તેરમા ગુણસ્થાન ની કે ચૌદમાં ગુણસ્થાન સુધીની ક્રમશ વાત આમાં આવી જાય છે). જે 'આત્મા' ને જાણે છે, શ્રધ્ધે છે તે **ક્રમશ** અરિહંત-સિધ્ધ ભગવાનની શ્રેણીમાં **કાળક્રમે** આવી શકે છે અને સ્વતંત્રપણે બિરાજે છે અને અનંતકાળ સુધી 'ચિદાનંદ' બની રહે છે. સહજાનંદી શુદ્ધસ્વરૂપી શ્રેણીમાં કાયમ માટે બિરાજે છે.

પૂ.શ્રી.કાનજીસ્વામીએ અધ્યાત્મ ના કબાટ ખોલ્યા અને આત્મકલ્યાણ નો શું માર્ગ છે તેનો બોધ કરાવ્યો અને **બહુજ થોડાંક આ વિભાગ ના વાંચક હશે** તેમ છતાં જૈન દર્શન થકી સાચી મુક્તિનો માર્ગ ભવ્ય જીવોને મળી રહે તેવા શુભ આશયથી **આત્માની કે અધ્યાત્મ** ની વાત અત્રે પીરસવામાં આવે છે. બહુધા વર્ગ ભૌતિકતાની ચકાચૌંધ માં **આત્માની વાત પ્રત્યે અરૂચી કરે છે.** અરૂચીના કારણે તેમને અધ્યાત્મની વાત બેસવી અને બેસાડવી મુશ્કેલ છે **પરંતુ સારી વાતોથી એકાદ જીવનું પણ કલ્યાણ થાય તો 'લોકાધાર' ના પ્રયત્નોને સાર્થક માનીશું...** CA **શ્રી.અશોક એસ. મહેતા**-સલાહકાર તંત્રી

તો આકુળતા છે; તેથી જ્ઞાનના પ્રગટ અંશ દ્વારા આત્માને ઓળખાવ્યો છે. જ્ઞાનના પ્રગટ અંશને અંદરમાં વાળે એટલે આખું સળંગ થઈ જાય છે (દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તેમ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે). આત્માને જ્ઞાનના અંશથી ઓળખાવવાનો મૂળ હેતુ તો આ છે.

(૧૩)

**પ્રશ્ન :** સમયસાર-સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનું માંગલિક કરતાં આચાર્યદેવ કહે છે કે આત્માનો દ્રવ્યસ્વભાવ શુદ્ધ શુદ્ધ છે એટલે કે ઘણો જ શુદ્ધ છે. અહીં શુદ્ધ શુદ્ધ શબ્દનો પ્રયોગ બે વખત કરવાનો શું આશય છે?

**ઉત્તર :** પ્રથમ તો પરદ્રવ્યથી ભિન્ન હોવાથી શુદ્ધ છે અને રાગથી પણ ભિન્ન હોવાથી શુદ્ધ છે. બંધ ને મોક્ષના વિકલ્પોથી દૂરીભૂત છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સમસ્ત પર્યાયોથી આત્મસ્વભાવ અત્યંત દૂર છે, ઘણો જ દૂર છે, તેથી આત્મસ્વભાવ શુદ્ધ શુદ્ધ છે.

(૧૪)

**પ્રશ્ન :** 'હું શુદ્ધ છું' - તેનો અર્થ શું ?

**ઉત્તર :** નર-નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસવ, બંધ અને સંવર, નિર્જરા, મોક્ષ-એ નવ તત્ત્વોથી એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ વડે અત્યંત જુદો હોવાથી હું શુદ્ધ છું. આહાહા! સાધક બાધકની પર્યાયથી પણ અત્યંત જુદો કહ્યો. શરીર આદિથી તો અત્યંત જુદો છે જ, પુણ્ય-પાપ આદિથી પણ અત્યંત જુદો છે જ, પણ સંવરનિર્જરા-મોક્ષની શુદ્ધ નિર્મળ પર્યાયના વ્યવહારીક ભાવોથી પણ હું એક ટંકોત્કીર્ણ જ્ઞાયક ભાવ વડે અત્યંત જુદો હોવાથી શુદ્ધ છું. આહાહા! અહીં સમયસારની ગાથા ૩૮માં તો સંવર, નિર્જરા, મોક્ષની શુદ્ધ નિર્મળ પર્યાયના વ્યવહારીક ભાવોથી પણ આત્માને અત્યંત જુદો કહીને દિગંબર સંતોએ અંતરના પેટની વાતો ખુલ્લી કરી છે. આવી વાતો બીજે ક્યાંય નથી. આહાહા! જગતના ભાગ્ય છે કે આવી વાણી રહી ગઈ છે.

(૧૫)

**પ્રશ્ન :** ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે આદિ આત્માના આટલા બધા વખાણ કરો છો પણ એ ભગવાન ગયો ક્યાં ?

**ઉત્તર :** ભગવાન તો છે ત્યાં જ છે પણ એના ભગવાનનું તેને ભાન નથી એથી ભગવાન તેની નજરમાં આવતો નથી. પોતે ભગવાન સ્વરૂપ કારણપરમાત્મા છે એમ જેને બેસે છે તેને કારણપરમાત્મા છે. પણ જેને પરમાત્મા સ્વરૂપે છું તેમ બેસતું નથી તેને કારણપરમાત્મા ક્યાં છે? તેને તો રાગ ને અલ્પજ્ઞતા જ છે. જેને કારણપરમાત્મા બેસે છે તેને કાર્યમાં સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર હોય છે.

(૧૬)

**પ્રશ્ન :** તો અજ્ઞાનીને શું કરવું ?

**ઉત્તર :** અજ્ઞાનીએ પહેલાં વસ્તુસ્વરૂપ સાચું જ્ઞાન કરીને આત્માનું ભાન કરવું, એ સમ્યગ્દર્શન પામવાનો સાચો ઉપાય છે. તે જ માત્ર ઉપાય નથી.

ક્રમશઃ.... આવતાઅંકે....

# જેણે કર્યા છે ઘાવ, એ કંઈ પારકા નથી

અનિલ ચાવડા

## લોગઈન

કોની કરું હું રાવ, એ કંઈ પારકા નથી;
જેણે કર્યા છે ઘાવ, એ કંઈ પારકા નથી.
દરિયો તો ખેર કોઈનો થાતો નથી નગર,
જેણે ડુબાવી નાવ, એ કંઈ પારકા નથી.
હારી ગયાનું એટલે તો દુઃખ નથી મને,
જીતી ગયા જે દાવ, એ કંઈ પારકા નથી.
મારા કતલનો દોષ, અને એમના ઉપર?
કરવા દે દિલ! બચાવ, એ કંઈ પારકા નથી.
એ શક્ય છે કે થોડાં ઘણાં પારકાં હશે,
બેફામ કિન્તુ સાવ એ કંઈ પારકાં નથી.

- બરકત વિરાણી 'બેફામ'

બરકત વિરાણી 'બેફામ' ની ગઝલોએ ગુજરાતી સાહિત્યની બરકત વધારી છે. તેમની ગઝલમાં મૃત્યુનું સત્ય અનેક વાર પડઘાય છે. પરંતુ જીવનની કડવી વાસ્તવિકતાને ઉલ્લેખવાનું પણ તે ચૂક્યા નથી. તેમની ઉપરોક્ત ગઝલમાં આપણને જીવનનું તીખું, સચોટ અને દુઃખદ સત્ય વરતાય છે. જીણવટપૂર્વક નિરીક્ષણ કરશો તો સમજાશે કે ઊંડા ઘા પારકા માણસો નથી આપતા. જેને આપણે પોતાના માન્યા હોય, જેની ખાતર કોઈ પણ હદ સુધી જવાની આપણી તૈયારી હોય, જેની માટે મોત પણ વહાલું કરવાની આપણી તૈયારી હોય, તેવી વ્યક્તિ તરફથી મળ્યો આઘાત મૃત્યુથી પણ બદતર હોય છે. બેફામસાહેબ આ સત્યને બહુ સારી રીતે જાણે છે.

આપણી દુઃખતી નસ નજીકના માણસો જ જાણતા હોય છે. તેથી જ્યારે પણ મુશ્કેલી આવે, એ નસ દબાવવાનું કામ સૌથી પહેલા અંગત સ્વજનો જ કરતા હોય છે. એવે વખતે ફરિયાદ પણ કોને કરવાની? વાડીમાં વાવેલા ચીભડાંના રક્ષણ માટે ચારે તરફ વાડ બનાવવામાં આવે છે, જેથી કોઈ વ્યક્તિ, કે પ્રાણી આવીને નુકસાન કે ચોરી ન કરે. પણ જેને રક્ષણ કરવા માટે રાખ્યા હોય એ જ ભક્ષણ કરવા માંડે 'વાડ પોતે ચીંભડાં ગળે તો કોને કહેવું. ઘણાં સ્વજનો આ વાડ જેવાં હોય છે, બહારથી લાગે કે રક્ષણ કરી રહ્યા છે, પણ અંદરથી ચીભડાં ગળતી વાડ જેવા હોય છે. આવી દુઃખદ પરિસ્થિતિની રાવ પણ કોઈને નથી કરાતી, કેમ કે આપણને ખબર હોય છે, ચીભડાં કોણ ગળી ગયું છે.

દરિયાઈ મુસાફરીમાં અનેક તોફાનો, ઝંઝાવાતોનો સામનો કરવો પડે છે. કાબેલ વ્યક્તિઓ ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ મહાસાગર પાર કરી લે છે, પણ જે વહાણમાં આપણે બેઠા હોઈએ, ને વહાણમાં આપણે જ સાથીદાર આપણને ડુબાડવાનો હોય, તો પછી બચવાનો કોઈ રસ્તો નથી રહેતો. દરિયાના તોફાનમાંથી તોય બચી શકાય - સ્વજન દ્વારા કરવામાં આવતા છળ બાદ ગમે તેટલું તોતિંગ અને શક્તિશાળી વહાણ હોય, ડૂબ્યા સિવાય છૂટકો નથી.

પરાજય દુઃખ નથી આપતો, પરાજયનું કારણ દુઃખ આપે છે. જે બાજુમાં બેઠા હોય એમનો હાથ સૌથી પહેલાં આપણા સુધી પહોંચતો હોય છે. આપણને પાડવામાં તેમની ભૂમિકા જ સૌથી વધારે હોય છે. દૂરના માણસો તો જોશે, ઈર્ષા કરશે, અંગત હોય, વ્યથા એ જ દે, જે વહાલા હોય. બહારનાની તો એટલી હેસિયત હોય જ નહીં કે એ આપણને દુઃખી કરી શકે. બહુ બહુ તો એ આપણને હેરાન કરી શકે, એ હેરાનગતિ તો પારકા માણસથી દૂર જતા રહીએ તો આપોઆપ ટળી જાય, પણ પોતાના માણસોએ આપેલાં દુઃખ, તેમનાથી ગમે તેટલા દૂર થઈએ, પીછો છોડતાં જ નથી.

કવિ બરકત વિરાણી એ આ વાતને બહુ સચોટ રીતે વ્યક્ત કરી છે. રાજેશ વ્યાસ મિસ્કીએ પણ આ વાત બહુ ગંભીરતાથી કરી છે.

## લોગઆઉટ :

સાવ જુદું જગત કોઈ તારું નથી,
મૂક સઘળી મમત કોઈ તારું નથી,
કોણ કોનું? અને એય પણ ક્યાં લગી?
છે બધુ મનઘડત કોઈ તારું નથી.
જે પણ જાણશે સોંસરો સળગશે,
આ બધી છે રમત કોઈ તારું નથી.
કોઈ ઉંબર સુધી કોઈ પાદર સુધી,
છેક સુધી સતત, કોઈ તારું નથી.
કઈ રીતે હું મનાવું તને બોલ મન,
બોલ, લાગી શરત કોઈ તારું નથી.
કોઈ એકાદ જાણ, એય બેચાર પળ,
હે અહીં હરવખત કોઈ તારું નથી.

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# Science And Spirit Are Paths To Infinite Exploration

Our understanding, perception, and knowledge base originate from a small domain and remain confined within its limits. Even what we call scientific research cannot go beyond it.

This is the context in which our spiritual pursuits become important. They ought to be the guides to our scientific discoveries. Through contemplations, human cosciousness merges with the undiscovered dimensions, and our reading of the subject gathers depth even when we cannot go beyond a few glimpses of actuality.

Interestingly, reality is only a component of factuality or practicality. As we meditate, we may see light which is different from the ordinary light that our optic power captures though they are all integrated. Similarly, even if the object of fragrance is not within the reach or our olfactory capacity, we may smell it once the mind is consolidated through meditation. One of the most beautiful feelings one encounters is about an ethereal love that encompasses enitre existence.

Our perception of our existence is limited by a number of factors. What we prceive as change may not be so; rather, perfect stability is in existence. And because there is no second existence, what exists is unique. On a scriptural plane, we may recall the war between the goddess and demon brothers. Nisumbha and Shumbha. The latter, in anger, comments that she is using the help of so many powers while they are dealing single handedly. How is it justified that many would be fighting with one? There she declares, 'ekaibaham jaganmurti ditiya ka mamapara' - I am the only one universe, where is a second reality?

When science arrives at the border; philonsoply must come forward to expand its horizons, setting a bigger goal to be pursued. This is the only way to avoid saturation and escape the fallacy of limited understanding.

Nowadays, we are talking about the application of artificial intelligence (AI) in various facets of learning. How about its contribution to discovering what has been treated as a myth? Can it not be used to give tangible shape to our spiritual realisations ? After all, the lack of explanation sometimes stigmatises a particular phenomenon as an illusion. With AI's offerings, the gap between scientific pobes and spiritual queries can certainly be bridged, and the realisations can provide guidance for new scientific ventures.

The oretical advancements are a must for practical probing. Conjectural evolutions are not innovative if they remain confined to domains of a specific discipline. Insights developed from spiritual realisations can be the most effective monitor for advancing theoretical configurations in science, encouraging further probing with help of AI.

As Ramakrishna pointed out, there is no end to spiritual attainments. Work a bit harder, you arrive at a mine; don't reach satiety, walk further and you come across a bigger mine with richer deposits. Likewise, one has to go on - for a true seeker, there is no end to spiritual pursuit.

Then there will be no dearth of ideas which cna keep enriching our under-standing and science will be able to take guidance for newer developments in a continuous manner. Science and spiritualism are not to be seen as two different paths, they are rather an integral part of a gigantic investigation system that human life can conduct.

Source : T.O.I., Meena Om

ADV.

# કેન આઈ કોલ યુ ?

તંત્રી નોંધ : બે પાત્રોની સરળતા/સહજતા સ્પર્શી જાય તેવી વાર્તા છે. જ્ઞાનીઓ કહે છે જીવન સહજ જીવવું જોઇએ.

લતેશ કંઇ એવો હેન્ડસમ અને ચાર્મિંગ નહોતો. બસ, ઓર્ડિનરી કોલેજિયન હતો. એ જ રીતે જયા પણ કંઇ એવી બ્યુટિફૂલ અને એટ્રેક્ટીવ નહોતી.

લતેશ અને જયાની પહેલી મુલાકાત પણ સાવ અજીબ રીતે થઇ ગઇ હતી. એ વખતે બસમાં સખત ભીડ હતી. ભીડમાં લતેશની આગળ જ એ હતી. એવામાં પાછળની ધક્કો આવ્યો ત્યારે લતેશે જાણીજોઇને પોતાનું શરીર આગળવાળી છોકરી સાથે દાબ્યુ હતું.

પણ એ છોકરીએ પાછળ જોઇને સ્માઇલ આપ્યું. લતેશને આ ગમ્યું. બીજી વાર ભીડનો હડસેલો આવ્યો ત્યારે લતેશે પોતાના શરીરને જરા વધારે દબાવા દીધું.

આ વખતે પણ એ છોકરીએ સ્માઇલ આપ્યું. લતેશને થયું, હવે વાંધો નહિ.

એવામાં ભીડ ખાલી થઇ. બારીએ બેસવાની જગા થઇ. લતેશ બારીએ બેઠો કે તરત પેલી છોકરી પણ લગોલગ બેસી ગઇ. બન્નેની નજરો મળી. બન્નેની આંખોમાં ચમકારો થયો. ત્યાં તો રસ્તામાં કંઇ અકસ્માત જેવું થયું. બધા બારીમાંથી બહાર જોવા લાગ્યા, એ વખતે લતેશની પીઠ ઉપર પોતાની છાતી ઘસાય એ રીતે પેલી છોકરી પણ બારીમાંથી અકસ્માત જોતી રહી.

સિટીબસ આગળ વધી અને બધા પાછા બેઠા ત્યારે લતેશે પૂછી જ લીધું. 'કઇ કોલેજમાં? છોકરીએ કહ્યું 'કોલેજમાં નહીં, સીવણ ક્લાસમાં જઉં છું.'

એ પછી કંઇ ખાસ વાત થઇ નહીં પણ બસનું છેલ્લુ સ્ટોપ આવ્યું ત્યારે લતેશે કીધું : 'ફરી ક્યાંક મળાય? નંબર આપોને ?'

બે દિવસ પછી જ જયાનો ફોન આવ્યો. કોલેજની બહાર ઉભી છું. લતેશ તરત જ બહાર પહોંચી ગયો. તેણે કહ્યું 'રેસ્ટોરન્ટમાં બેસીને ટાઇમપાસ કરવાને બદલે આવોને, મારી રૂમ નજીકમાં જ છે.'

લતેશ જે ભાડાની રૂમમાં રહેતો હતો તે ટેનામેન્ટ બિલકુલ રોડને અડીને હતું. એના માલિક બહારગામ રહેતા હતા. લતેશનો રૂમ પાર્ટનર અત્યારે એની જોબ ઉપર ગયેલો હતો.

બન્ને રૂમમાં દાખલ થયા પછી એમને ખબર જ હતી કે બન્ને એકબીજાને શા માટે મળ્યા છે. લતેશને જરાય અંદાજ નહોતો કે આ બધું તેની જિંદગીમાં આટલી સહેલાઇથી મળી જશે.

ખેર, લતેશ અને જયા વારંવાર આ રીતે મળતા રહ્યાં. બન્ને વચ્ચે પ્રેમ જેવું તો કદી હતું જ નહીં. એમણે કદી પ્રેમનું નાટક પણ કર્યું નહીં. બન્ને અઠવાડીયે, પંદર દિવસે મળતા ત્યારે થોડીઘણી આલતુ ફાલતુ વાતો થતી. જેમકે 'કેમ આજે મોડું થયું?' 'હજી રોકાવું છે કે પછી જવું જ છે?' 'રીક્ષાના પૈસા છે કે હું આપું?'

આમ એમની વચ્ચે લગભગ એકાદ વરસ જેવું ચાલ્યું. લતેશે કદી જયાના ફેમિલી વિશે પૂછ્યું નહોતું. જયાએ પણ લતેશની પર્સનલ લાઇફમાં કદી માથું નહોતું માર્યું.

બન્ને વચ્ચે બસ, આ જ સંબંધ હતા. કેમકે બન્ને જાણતા હતા કે આનાથી સારૂં એમને મળી શકે તેવું હતું જ નહીં. લતેશ કંઇ એવો લેડી-કિલર નહોતો કે બીજી બે-ચારને પટાવી શકે. એ જ રીતે જયા પણ કંઇ એવી સ્ટાઇલીશ નહોતી કે બે-ચાર છોકરાઓ એને લાઇન મારે.

એમાં એક દિવસે બપોરે છૂટા પડતા જયાએ કહ્યું, 'હવે હું નહીં આવું, મારી સગાઇ થઇ ગઇ છે.'

લતેશે કહ્યું, 'ઠીક છે, ચલ, ચા પીવી છે? સાથે બેસીને?'

બન્ને બહાર નીકળ્યા ત્યાં જ વરસાદ તૂટી પડ્યો ! થોડે દૂર એક રીક્ષા ઉભી હતી જયા એ તરફ દોડીને એમાં બેસી ગઇ. રીક્ષા જતી રહી. સરખી રીતે 'બાય' પણ ના થયું.

એ પછી દિવસો અને મહિનાઓ વીતતા ગયા લતેશને જયાની યાદ તો આવતી હતી, એનો ફોન નંબર પણ હતો. છતાં થતું હતું કે છોડને હવે એની લાઇફમાં શું કામ માથું મારવાનું?

જો કે લતેશની કોલેજનાં હજી બે વરસ બાકી હતાં. જયાનો ખાલીપો પુરવા માટે એણે કોલેજની છોકરીઓ સાથે ફ્રેન્ડશીપ કરવાની કોશિશ ચાલુ કરી. પણ કંઇ જામતું નહોતું. એક તો છોકરીને ભાવ આપવાનો, એનાં વખાણ કરવાનાં, એને ગિફ્ટ આપવાની રેસ્ટોરન્ટમાં લઇ જવાની, મુવીમાં સાથે આવવામાં તો કેટલા નખરા કરે. પછી પાછું પૂછવાનું 'કેન આઇ હોલ્ડ યોર હેન્ડ? ડુ યુ માઇન્ડ ઇફ આઇ..'

લતેશને આમાનું કંઇ જ ફાવ્યું નહીં. તેણે હવે ભણવામાં ધ્યાન પરોવ્યું. એની ફાઇનલ એક્ઝામમાં લતેશ સારા માર્ક પાસ થયો. કેમ્પસ ઇન્ટરવ્યુમાં જોબ પણ મળી ગઇ. બસ, એક મહિના પછી જોઇન થવાનું હતું.

કોલેજથી બહાર નીકળીને તે રીક્ષા કરવા જતો હતો. ત્યાં બસ આવતી દેખાઈ. લતેશ બસમાં ચઢી ગયો. બસમાં એટલી ભીડ નહોતી. માત્ર ચાર પાંચ પેસેન્જરો ઉભેલા હતા. ત્યાં જ -

લતેશની નજર તેની આગળ ઉભેલી વ્યક્તિ પર પડી. એ જયા હતી. બન્નેની આંખો મળી.... લતેશે તરત જ કહ્યું : 'ક્યાંક જઈને બેસીએ ?'

રેસ્ટોરન્ટમાં બેઠા પછી લતેશે પહેલીવાર જયાને પૂછ્યું 'કેમ છે તું ? તારા હસબન્ડ શું કરે?

જયા ફિક્કુ હસી. મેરેજ ક્યાં થયા છે હજી ? એ સગાઈ તો તૂટી ગયેલી, એ પછી તો-'

'તો અત્યારે શું કરે છે ?'

'લેડીઝ ટેલર છું. જોડે જોડે સીવણના ક્લાસ પણ ચાલે છે. પપ્પા એક્સપાયર થઈ ગયા પછી....'

લતેશને પહેલી વાર ભાન થયું કે તે કોઈની જિંદગી વિશે જાણવાની કોશિશ કરી રહ્યો છે.

જયાની લાઈફ હજી સેટ થઈ નહોતી. હજી નાના ભાઈનું ભણવાનું ચાલુ છે, મમ્મીની દવાઓ.. ભાડાનું ઘર.

'એની વે તું શું કરે છે ? ઓલ વેલ ?' જયા એ પૂછ્યું ત્યારે લતેશ જાણે ઝબકીને જાગ્યો.

હા, બધું બરાબર છે ભણવાનું પતી ગયું. સરસ જોબ મળી ગઈ છે. અને બસ-

બન્ને છૂટા પડયાં. 'બાય' પણ કીધું. પરંતુ જયાની રીક્ષા જતી રહી પછી લતેશને થયું. કેવી હતી અમારી રીલેશનશીપ? કોઈ બનાવટ નહોતી કોઈ શો કરવાની જરૂર નહોતી.

કોઈ ઝગડા, રીસામણાં-મનામણાં, કોઈ આઈ લવયુ, લવયુ ટુ.... મેરી સોના, મેરા બાબુ, મેરી જાન, કશું જ નહોતું! શું બન્ને વચ્ચે બિલકુલ ક્લેરિટી નહોતી? તો યાર એક ટ્રુ(True) રીલેશનશીપમાં બીજું જોઈએ પણ શું?

આમ વિચારતાં વિચારતાં લતેશને થયું 'શું એને ફોન કરવો જોઈએ? કદાચ ફરી મળવા માટે?'

થોડું વિચાર્યા પછી લતેશને થયું, એક મેસેજ તો કરવો જોઈએ કે 'કેન આઈ કોલ યુ?'

લતેશે મોબાઈલ ખોલ્યો એ જ વખતે બીપ થયું એમાં જયાનો મેસેજ હતો : 'કેન આઈ કોલ યુ?'

**સાભાર : ગુજરાત સમાચાર**

## શિક્ષણ એ જ આંખ અને પાંખ છે

**વંદના ગોસ્વામી**

દરિયાકાંઠે એક બાળકીએ રેતીમાં શાળાનું ચિત્ર બનાવ્યું તરત જ એક મોટું મોજું આવ્યું ને શાળાનું ચિત્ર ભુંસાઈ ગયું. આ જોઈ બાળકી તાળી પાડી ખુશ થઈ નાચવા લાગી! પછી 'બોલી જો સાચે આમ શાળા ગાયબ થઈ જાય તો!' ત્યારે દાદા એ સમજાવ્યું કે બેટા તું નસીબદાર છો કે તને ભણવા માટે શાળા મળી. અમારા સમયે તો અમારા ગામમાં શાળા હતી નહી.'

બાળકીએ કહ્યું 'તમે શાળાએ નથી ગયાં તો ય આટલા મોટા લેખક કમ બની ગયા ?'

દાદાએ કહ્યું કે 'શાળાએ જવું હોય તો બાજુનાં બે ગામ વીંધીને ભણવા જવું પડતું ને રસ્તા પણ સારા નહીં.'

'કાળા અક્ષર કુહાડે માર્યા પણ ભણ્યા વગર મને બહુ તકલીફ પડી. રૂપિયા લેવા દેવામાં પણ લોકો મને છેતરી જતા. પણ પછી પ્રૌઢ શિક્ષણના રાત્રિ વર્ગ શરૂ થવાં. તેમાં હું રોજ રાત્રે જવા લાગ્યો. સૌથી અગત્યનું હું અનેક પુસ્તકો વાંચી શક્યો. પછી તો ગામની લાઈબ્રેરી ના બધાજ પુસ્તકો મેં વાંચી નાખ્યા. આજે આ તારો અભણ દાદો જાણીતો લેખક છે' આંસુ સાથે દાદાએ કહ્યું.

દીકરીએ દાદાની આંખ લુછતાં કહ્યું 'દાદા હું ભણીશ, મને ભણતરનું મૂલ્ય સમજાઈ ગયું છે. પછી બાળકીએ પૂછ્યું, 'હે દાદા હજી આવું સાક્ષરતા મિશન ચાલે છ?'

દાદા હસીને બોલ્યાં 'તારે શું કામ છે તારા માટે તો શાળા છે ને બેટા'.

ત્યારે દીકરીએ કીધું કે 'મારા મામાના ગામમાં કેટલાક મોટી ઉંમરના લોકોને વાંચતા નથી આવડતું તો એને આ વાતની જાણ કરીશું' દાદા એ કહ્યું 'હા હવે સાક્ષરતા મિશનના નામે ચાલે છે, પણ તને બીજાની ભલાઈનો વિચાર ક્યાંથી આવ્યો?'

દીકરીએ કહ્યું 'અમારા ભણવામાં એક વાર્તા આવે છે, એમાં આવે છે બીજાનું વિચારીએ તો ભગવાન આપણું વિચારે.'

જીવનમાં શિક્ષણ એ માત્ર પદવી મેળવવા માટે નથી પણ એ માણસની જીવન જીવવાની જડીબુટ્ટી આપે છે. ચાણક્યએ કહ્યું છે 'અભણનું જીવન પશુ સમાન અથવા ફૂલ વિનાની ડાળી જેવું નિરર્થક માનવામાં આવે છે.'

**સમાપન**

દરેક નવજાત શિશુ પૃથ્વી પર એવો સંદેશો લઈને આવે છે કે ભગવાને હજી માણસ વિશે આશા ખોઈ નથી

- રવીન્દ્રનાથ


# મહાસંઘમાં પ્રવેશ પામતા આજીવન સંરક્ષક સભ્યોનું હાર્દિક સ્વાગત

| Membership No. | Name | Place |
|---|---|---|
| SRM 2112 | Gandhi Mitul Manubhai | Malad East |
| SRM 2113 | Shah Jaini Vipulbhai | Virar East |
| SRM 2114 | Shah Tejal Bhadrayu | Surat |
| SRM 2115 | Shah Meghna Tejal | Surat |
| SRM 2116 | Shah Dhaval Rajeshkumar | Malad West |
| SRM 2117 | Khandare Pratik Rajkumar | Navsari |
| SRM 2118 | Sheth Shraddha Amitkumar | Navsari |
| SRM 2119 | Sheth Amitkumar Kantilal | Navsari |
| SRM 2120 | Shah Pankti Keval | Navsari |
| SRM 2121 | Shah Keval Manishbhai | Navsari |
| SRM 2122 | Shah Rushali Manishbhai | Navsari |
| SRM 2123 | Kasliwala Shakuntala Shantilal | Navsari |
| SRM 2124 | Kasliwala Shital Nilesh | Navsari |
| SRM 2125 | Kasliwala Nilesh Shantilal | Navsari |
| SRM 2126 | Shah Chirag Kaushik | Navsari |
| SRM 2127 | Shah Manish Rameshchandra | Vadodara |
| SRM 2128 | Shah Niraj Jayantilal | Vadodara |
| SRM 2129 | Doshi Daxeshkumar Sureshbhai | Gandhi Nagar |
| SRM 2130 | Shah Shruti Manish | Vadodara |
| SRM 2131 | Shah Dhvani Manish | Vadodara |
| SRM 2132 | Shah Dipen Rajendra | Ahmedabad |
| SRM 2133 | Sankhesara Dipesh Subhashchandra | Ahmedabad |
| SRM 2134 | Mehta Rajiv Maheshchandra | Ahmedabad |
| SRM 2135 | Shah Rinku Vishal | Malad East |
| SRM 2136 | Choksi Anita Gautamkumar | Vadodara |
| SRM 2137 | Shah Dipesh Navinchandra | Vadodara |
| SRM 2138 | Shah Dhaval Jitendra | Vadodara |
| SRM 2139 | Choksi Gautamkumar C | Vadodara |
| SRM 2140 | Shah Rupen Navinchandra | Vadodara |
| SRM 2141 | Shah Urvish Jayantilal | Vadodara |
| SRM 2142 | Shah Veenaben Mukeshkumar | Ahmedabad |
| SRM 2143 | Doshi Jigar Vinodkumar | Ahmedabad |
| SRM 2144 | Shah Minaxiben Dhirajkumar | Ahmedabad |
| SRM 2145 | Shah Chetanaben Kamleshbhai | Ahmedabad |
| SRM 2146 | Shah Anjanaben Bharatkumar | Ahmedabad |
| SRM 2147 | Shah Shailesh Maganlal | Idar |
| SRM 2148 | Sankhesara Rishank Bharatbhai | Idar |
| SRM 2149 | Doshi Smitaben Dharmendrakumar | Idar |
| SRM 2150 | Doshi Bhumika Ankitkumar | Idar |
| SRM 2151 | Gandhi Vaishali Chiragkumar | Idar |
| SRM 2152 | Shah Monika Kalpesh | Idar |
| SRM 2153 | Shah Heena Rajeshkumar | Idar |
| SRM 2154 | Gandhi Pinal Amitbhai | Surat |
| SRM 2155 | Kotadia Bhavini Chandrahas | Surat |
| SRM 2156 | Shah Sandeepbhai Vasantlal | Surat |
| SRM 2157 | Saraiya Chintan Jitendra | Surat |
| SRM 2158 | Shah Sagarkumar Hasmukhbhai | Surat |
| SRM 2159 | Shah Esha Sagarkumar | Surat |
| SRM 2160 | Shah Darshankumar Sagarkumar | Surat |
| SRM 2161 | Shah Jenny Pratikbhai | Surat |
| SRM 2162 | Gajiwala Yug Ankit | Surat |
| SRM 2163 | Jain Ankur | Surat |
| SRM 2164 | Mehta Aadi Miteshkumnar | Surat |
| SRM 2165 | Jain Ashish Sumtilal | Navasari |
| SRM 2166 | Jain Swati Ashish | Navasari |
| SRM 2167 | Jain Atman Ashish | Navasari |
| SRM 2168 | Shah Komal Tejas | Surat |

# સમાજના તેજસ્વી તારલાઓને હાર્દિક અભિનંદન

## ધોરણ ૧૨માં (H.S.C.) ૭૦% અને વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ....


### મુંબઈ-મહારાષ્ટ્ર ઝોન



**સૌમ્ય સૌરભ શાહ**
ભાયંદર (૯૨.૩૩%) કોમર્સ



**શ્વેત અંકુર કોટડીયા**
ભાયંદર(૯૦.૩૩%) કોમર્સ




**આર્યન મેહુલ શાહ**
મલાડ (૮૫.૬૭%) સાયન્સ

### દક્ષિણ ગુજરાત ઝોન



**ધ્રુવી કમલેશ શાહ**
સુરત (૯૫%) કોમર્સ

### મધ્ય ગુજરાત ઝોન



**જિનિત કેયુર શાહ**
વડોદરા
(૯૬.૮%) સાયન્સ



**હેલી ધવલ શાહ**
વડોદરા
(૯૦.૯%) કોમર્સ



**દિલીશા જીતેન્દ્ર શાહ**
વડોદરા
(૯૦.૮%) કોમર્સ



**રમ્ય ધવલકુમાર શાહ**
વડોદરા
(૮૮.૪૬%) સાયન્સ



**ધ્રુવી શીતલકુમાર શાહ**
ભરૂચ
(૮૬.૧૪%) કોમર્સ

### ઉત્તર ગુજરાત ઝોન



**તોશા નિરવ ગાંધી**
હિંમતનગર (૮૮.૭૧%)



**રીયા પ્રશાંતકુમાર ગાંધી**
તલોદ (૮૭.૮૪%)




**શુભાંષી અમિત દોશી**
ઇડર (૭૪%)

# સમાજના તેજસ્વી તારલાઓને હાર્દિક અભિનંદન

## ધોરણ ૧૦માં (S.S.C.) ૭૫% અને વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ....

### મુંબઈ-મહારાષ્ટ્ર ઝોન


જીમીત દિપક મહેતા
મલાડ (૯૮.૨૦%)


પ્રક્ષાલ મયુર શાહ
મલાડ (૯૮.૨૦%)



શ્રેયા ઋષભ શાહ
મલાડ-ઈસ્ટ (૯૪%)


સિધ્ધ પ્રતિક શાહ
ભાયંદર (૯૩.૨૦%)


અનોખી કેયુર મહેતા
ભાયંદર(વે) (૯૨.૮૦%)


તાસ્વી આશિષ તંબોલી
ભાયંદર (૯૧.૮૦%)


તિર્થ ચિંતન શાહ
દહિંસર (૮૪%)



અર્થ મિહિર મહેતા
મલાડ-ઈ (૮૨.૬%)


જૈનિક યોગેશ શાહ
વિરાર (૭૫%)

### મધ્ય ગુજરાત ઝોન


અક્ષત મિતુલભાઈ શાહ
વડોદરા (૯૫.૫%)


વિશ્વા શ્વેતાંગ શાહ
વડોદરા (૯૨.૩%)



આર્ય મિનેષ શાહ
વડોદરા (૯૧.૪%)


હિયા રોનક શાહ
પાદરા (૯૦.૮૬%)


હિયમ જિતેન્દ્ર જૈન
વડોદરા (૮૯.૨૦%)


વીર જીજ્ઞેશ શાહ
આણંદ (૮૪.૮૪%)


માન્ય કેયુર શાહ
વડોદરા (૮૩.૮૩%)


ભવ્ય તેજસ શાહ
વડોદરા (૮૦%)


### દક્ષિણ ગુજરાત ઝોન


તનય ધવલ શાહ
બારા (૮૭.૬૬%)

# સમાજના તેજસ્વી તારલાઓને હાર્દિક અભિનંદન

## ધોરણ ૧૦ માં (S.S.C.) ૭૫% અને વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ....

### ઉત્તર ગુજરાત ઝોન



**ધ્યાની રૂપેશકુમાર શાહ**
હિંમતનગર (૯૮%)



**તીર્થા દક્ષેશ દોશી**
ગાંધીનગર (૯૬.૬%)



**કથન સંજય શાહ**
અમદાવાદ (૯૦.૬%)



**ધ્યાન રૂપેશકુમાર શાહ**
હિંમતનગર (૯૫.૬૬%)




**હેમ નિકેશ શાહ**
હિંમતનગર (૯૪.૮૩%)



**દિયા નિશાંત મહેતા**
અમદાવાદ (૯૨.૬૭%)



**જીનવર શીતલકુમાર શાહ**
ઈડર (૯૧.૫%)



**ગઝલ ધૈવત શાહ**
ઈડર (૯૧.૮૩%)



**યથાર્થ રાજીવ મહેતા**
અમદાવાદ (૯૦.૧૬%)

## રૂા.૧૫,૦૦૦/- અને રૂા.૨૧,૦૦૦/- રોકડ ઇનામ સાથે 'ગુજરાત ફર્સ્ટ એવોર્ડ' જીતવાની ઉત્તમ તક

મહાસંઘના ચારેય ઝોનના ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ વચ્ચેની હરિફાઇમાં જેને સર્વોચ્ચ (Heighest) માર્કસ હશે તેવા કોઈ એકને અનુક્રમે **રૂા.૧૫,૦૦૦/- અને રૂા.૨૧,૦૦૦/-** અને 'ગુજરાત ફર્સ્ટ એવોર્ડ સન્માન' સાથે 'સંસદ' ની મિટીંગમાં આપવામાં આવે છે.

❖ ઉપરાંત ચારેય ઝોનના પ્રથમ નંબરના લોકાધારના ફોટા પ્રકાશન થાય છે. ❖



## જન્મદિનની શુભેચ્છાઓ

# ચિ. નિષ્કા

**જન્મતારીખ : ૧૪/૮/૨૦૨૧**

**પિતા : રવિ સૂર્યકાંત શાહ**
**માતા : સોનાલી રવિ શાહ**

**દાદા : સૂર્યકાંત કે. શાહ** (દેલવાડ)
ઉ પ પ્રમુખ: બે.દ.હુ.દિ જૈન ચોખલા પંચ
**દાદી : સ્મિતા સૂર્યકાંત શાહ**

**નાના : શૈલષકુમાર એ. શાહ** (ભાલક)
**નાની : ધર્મિષ્ઠાબેન એસ. શાહ**

## ગૌરવવંતુ 'રોયલ' સભ્ય પદ પ્રાપ્ત કરતાં

# શ્રી. અમરીષકુમાર જીતેન્દ્ર શાહ



પુત્ર દક્ષ, પિતા સ્વ. જીતેન્દ્રકુમાર સાથે 'રોયલ' શ્રી.અમરીષકુમાર જે. શાહ, માતાશ્રી ભારતીબેન, પુત્રી રીયા અને ધર્મપત્ની પાયલ

**હાલમાં રોયલ સભ્યપદ પ્રાપ્ત કરેલ શ્રી. અમરીષ જીતેન્દ્રકુમાર શાહ મધ્ય ગુજરાત ઝોન વડોદરા નો પરિચય :**

સ્વર્ગસ્થ શ્રી જીતેન્દ્રકુમાર નાનચંદ શાહ અને ગં. સ્વ. શ્રીમતી ભારતીબેનના નાના પુત્ર એટલે કે શ્રી અમરીષકુમાર નું મૂળ વતન માલાવાડા જિલ્લો ખેડાના વતની છે અને હાલમાં તેઓ આજવા વાઘોડિયા રીંગરોડ વડોદરા ખાતે સ્થાયી થયેલ છે. તેઓ હમણાં જ મધ્ય ગુજરાત ઝોનમાં નવા 'રોયલ મેમ્બર' તરીકે જોડાયા છે. તેમના મોટાભાઈ શ્રી.નિખિલ જીતેન્દ્રકુમાર શાહ પણ ગુજરાતી દિગંબર જૈન સમાજ મહાસંઘના 'રોયલ મેમ્બર' છે, અમરીષભાઈનું મોસાળ સ્વ. જયંતીલાલ દલસુખભાઈ શાહ, સ્વ.સુશીલાબેન, શ્રી.કિરીટભાઈ (યુ.એસ.એ.) તથા શ્રી.નિકુંજભાઈ શાહ, મલાડ, મુંબઈ ખાતે છે.

શ્રી.અમરીષભાઈએ પ્રાથમિક શિક્ષણ બોડેલી ખાતે અને માધ્યમિક શિક્ષણ વડોદરા ખાતે પૂર્ણ કર્યા બાદ તેઓએ ઉચ્ચ શિક્ષણ **બી.કોમ., ડિપ્લોમા ઈન ટેક્સેશન, એલએલબી** તથા **એલએલએમ** ની પદવી વડોદરા થી કરેલ છે હાલમાં તેઓ **એડવોકેટ** તરીકે ટેક્સેશન, ફાઈનાન્સિઅલ અને કાયદાકીય ક્ષેત્રમાં સ્વતંત્ર પ્રેક્ટિસ કરી રહ્યા છે. પારદર્શકતા, સમય પાલન અને વિશ્વાસ ને સર્વોચ્ચ સ્થાન આપીને તેઓ અનેક વ્યક્તિઓ અને ઉદ્યોગોને સેવા આપી રહ્યા છે **તેમના પત્ની શ્રીમતી પાયલ શાહ બેંકમાં મેનેજરની પદવી પર સ્થાન ધરાવે છે.**

શ્રી.અમરીષભાઈ ના પિતાશ્રી સ્વ.જીતેન્દ્રકુમાર નાનચંદ શાહ ગુજરાત સરકારના 'સિંચાઈ' ખાતામા સિવિલ એન્જીનિયર તરીકે જોડાયા હતા અને વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક સેવા બજાવી ગૌરવપૂર્ણ નિવૃત્તિ પામ્યા હતા.

એમના મોટાભાઈ શ્રી.નિખિલ જીતેન્દ્રકુમાર શાહ ME સ્ટ્રક્ચર એન્જિનિયર થયેલ છે અને હાલમાં વોરલી એન્જિનિયર કંપની, વડોદરા માં ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવી રહેલ છે. શ્રી.અમરીષભાઈ ને રમત ગમત, પ્રવાસ, સમાજસેવા, ધાર્મિક અને સામાજીક પ્રવૃત્તિઓમાં વિશેષ રસ છે. તેઓ પોતાના વ્યવસાય ઉપરાંત સમાજના વિકાસ, યુવાનોને માર્ગદર્શન અને સેવાકીય કાર્યોમાં ધ્યેય ધરાવે છે. સરળતા, વિનમ્રતા અને સેવાભાવ તેમના વ્યક્તિત્વની વિશેષ ઓળખ છે.

તેમને સંતાનમાં એક પુત્ર 'ચિ. દક્ષ' જેને હાલમાં ધોરણ ૧૨ 'વિજ્ઞાન' પ્રવાહની પરીક્ષા પાસ કરેલ છે અને પુત્રી 'કુ. રિયા' ધોરણ ૧૦ ની પરીક્ષામાં પાસ થયેલ છે. બંને બાળકો ભણવામાં ઘણા હોશિયાર છે.

# આટલું જાણીએ તો જ એની યોગ્ય રીતે આરાધના થાય !

પર્વાધિરાજ પર્યુષણની આરાધનાનો અવસર જેમ નજીક આવી રહ્યો છે, તે સમયે જૈન ધર્મની ભાવનાઓના હાર્દને જાણવો જરૂરી બને છે. આ સંદર્ભમાં અહીં જૈન ધર્મની પરિભાષાનાં શબ્દોનો અર્થ અને એની પાછળનો મર્મ આલેખવામાં આવ્યો છે. ધર્મમાં વપરાયેલી પરિભાષાની સાચી સમજ હોય તો જ આપણે સાચા અર્થમાં ધર્મપાલન કરી શકીએ છીએ.

**પર્વાધિરાજ પર્યુષણ :** નમસ્કારમાં જેમ નવકાર મંત્ર મોટો છે, દાનમાં અભય મહાન છે, ધ્યાનમાં શુક્લધ્યાન મહાન છે, રત્નમાં ચિંતામણિરત્ન મહાન છે એમ સર્વ પર્વોમાં પર્યુષણ પર્વ મહાન છે.

પર્યુષણનો અર્થ છે 'સમસ્ત પ્રકારે વસવું.' પર્યુષણ માત્ર પર્વ નથી, પરંતુ પર્વાધિરાજ છે. પર્યુષણનો અર્થ છે સમસ્ત પ્રકારે વસવું'. એટલે કે આ પર્વ સમયે સાધુજનો ચોમાસાના ચાર મહિના એક જ સ્થળે સ્થિર વાસ કરીને ધર્મની આરાધની કરતા હોય છે, પરંતુ પર્યુષણનો લાક્ષણિક અર્થ છે 'આત્માની સમીપ વસવું'. આત્મવિજય માટે આત્મઓળખ અનિવાર્ય છે. એ આત્મતત્ત્વને જોવા માટે એકાંત અને શાંતિ જોઈએ. બાહ્ય પ્રવૃત્તિથી નિવૃત્તિ જોઈએ અને એ નિવૃત્તિમાં આત્મવિશ્લેષણની આંતરપ્રવૃત્તિ જોઈએ.

આત્માની સમીપ રહેવું એટલે શું? અનંતકાળથી આત્મા મોહ અને મિથ્યાત્વમાં અથવા કષાય અને અજ્ઞાનમાં જ વસતો આવ્યો છે. પોતાના સ્વ-ભાવને ભૂલીને વિભાવને જ નિજ સ્વરૂપ માની બેઠો છે. પરિણામે માનવી પારાવાર પીડા, દુઃખ, કંકાસ અને કલેશમાં ડૂબેલો છે. ભૌતિક લાલસાના મૃગજળ તરફ આંધળી દોટ લગાવી રહ્યો છે.

આવા માનવીને પર્યુષણ પર્વ પૂછે છે કે આ પર્વ સમયે વિચાર કર કે તું કોણ છે? તે શું મેળવ્યું છે? અને શું પામવાનું તારૂં લક્ષ્ય છે? દોડધામ કરતો માનવી છેક મૃત્યુ જુએ ત્યારે જીવનનો વિચાર કરવાનો પ્રારંભ કરે છે. એ માનવીને ભૌતિક સમૃદ્ધિની મૂર્છામાંથી જગાડતું પર્વ તે પર્યુષણ પર્વ છે. ચિત્તશુદ્ધિ, હૃદયશુદ્ધિ અને આત્મશુદ્ધિનું આ પરમ પવિત્ર પર્વ છે, અજ્ઞાનમાંથી સમ્યક્જ્ઞાન તરફ. સ્વહિતને બદલે પરહિત તરફ અને વિભાવ દશામાંથી સ્વભાવ દશામાં લઈ જનારૂં પર્વ છે.

આ માટેનું પ્રથમ કાર્ય છે ભાવનાશુદ્ધિનું. જૈન ધર્મ ભાવનાનો ધર્મ છે, આથી નમસ્કાર મહામંત્ર કોઈ વ્યક્તિને નહીં. પણ અરિહંતને નમસ્કાર કરે છે. અરિહંત એટલે જેણે આંતર શત્રુઓને જીત્યા છે. આત્મભાવનાની શુદ્ધિ પર જીવનની વિશુદ્ધિનો આધાર છે. ચિત્તમાં મૈત્રી, કરૂણા, મુદિતા અને ઉપેક્ષા એ ચાર ભાવોને આપણે ધારણ કરવાના છે. પર્વાધિરાજ પર્યુષણમાં પાંચ કર્તવ્યો કરવાનાં હોય છે, એના વિના સાધના અધુરી રહે છે.

ભગવાન મહાવીરની આવી છે આ પર્વ વિશેની અનુપમ વાણી ! હજારો જીવો આકંઠ સ્નાન કરી મનચિત્ત દ્વારા આત્મા પર લાગેલા એક વર્ષના મેલને દૂર કરશે. આ મહાપર્વની આરાધનામાં પાંચ કર્તવ્ય તો કરવાં જ જોઈએ. એ વિના આખી ય આરાધના અધૂરી રહે.

**(૧) અમારિ પ્રવર્તન :** જૈન ધર્મનો મર્મ અહિંસા અને અભયમાં છે, મનથી કોઈને હણીએ નહિ. વચનથી કોઈને હણીએ નહિ. કાયાથી કોઈને હણીએ નહીં. હું કોઈને ઈજા કરીશ નહિ. મને કોઈ ઈજા કરશે નહિ. આ સાચો અભય ! મને જેમ સુખ પ્યારૂં છે. ભોજન પ્યારૂં છે. જ્યારે વધ અને બંધ અપ્રિય છે. એમ દરેકને પણ પ્રિય અપ્રિય હોય છે. તે જ સાચી અહિંસા. યથાપિંડે તથા બ્રહ્માંડે એવો માનવીની ભાવના.

અભય એ સંસારની સર્વશ્રેષ્ઠ બક્ષિસ છે. અભયદાન એ મહાદાન છે. જૈન ધર્મમાં સંપૂર્ણ અહિંસામય જીવનને ઉચ્ચ આદર્શ તરીકે સ્થાપવામાં આવ્યું છે. વ્યવહારમાં આ આદર્શનું અમલીકરણ કરવા માટે જેવો પ્રયોગ જૈન પરંપરામાં થયો છે એવો બીજે ક્યાંય થયો નથી.

સંસારમાં વેરઝેરની સળગતી હોળીને અભયદાનથી દિવાળીમાં પલટાવવાનો આજે નિશ્ચય કરીએ.

**(૨) સાધર્મિક વાત્સલ્ય :** સાધર્મિક એટલે અહિંસા - સત્ય - આદિ પાળનાર માનવી. પરમાત્મા તીર્થંકરના ધર્મશાસનને માનનારા સર્વ સાધર્મિક કહેવાય છે. ધર્મક્રિયા ઓછી-વત્તી કરતા હોય, પરંતુ જિનશાસન પ્રત્યે શ્રદ્ધાવાન હોય તે સાધર્મિક કહેવાય. એ સાધર્મિકભાવ એણે એના આચરણમાં મુકવો જોઈએ. એ અંગે પૂણિયા શ્રાવકનું દ્રષ્ટાંત જાણીતું છે. પૂણિયો શ્રાવક રૂની પૂણિયો બનાવીને ઓછી રકમમાં સંતોષભેર જીવતો હતો. પણ રોજ એક સાધર્મિકને પોતાને ત્યાં નિમંત્રણ આપીને પતિ-પત્ની ભાવથી જમાડતા હતા અને આ માટે બંનેને એકાંતરે ઉપવાસ કરવો પડતો હતો. આ સાધર્મિક પ્રેમ એ સમ્યગ્દર્શનની નિશાની છે.

સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુ તરફ આ આત્મતુલ્ય દ્રષ્ટિથી જોતો માનવી પોતાની નજીકના જ સાધર્મિકને કઈ રીતે ભૂલી શકે? પોતાના સાધર્મિકની બાહ્ય અને આંતરિક મુશ્કેલીઓ દૂર કરવા માટે તન, મન અને ધનથી તૈયાર રહેવું જોઈએ.

**(૩) ક્ષમાપના :** મન ભારે અટપટો પદાર્થ છે. કોઈવાર ખેંચતાણ થઈ જાય. કોઈવાર અજાણે ભૂલ થઈ જાય, આવે સમયે ક્ષમા માંગી લેવાય, ક્ષમા આપી દેવાય, બસ, ફેંસલો આવી ગયો.

આ વેરભાવ જ્યાં હોય, ત્યાં કોણ શત્રુ રહે? પોતાના ગુણને રજસમાન અને પારકાના પહાડ જેવા અવગુણને રજ સમાન જોનારો માનવી સાચો ક્ષમાપ્રાર્થી છે.

ભગવાન મહાવીર કહે છે કે જે ઉપશમે છે ઉપશમાવે છે જે ખમે છે. ખમાવે છે તે જ સાચો આરાધક છે. આત્મશુદ્ધિ અને આરાધનાનો સાચો સરવાળો છે ક્ષમાપના. પર્યુષણ પર્વના અંતિમ દિવસે સાંવત્સરિક પ્રતિક્રમણ દ્વારા સર્વ જીવોની હૃદયપૂર્વક ક્ષમાપના કરવી તે આ મહાપર્વનું હાર્દ છે. ક્ષમાપનાનો ધર્મ સૌથી મહાન છે અને સંવત્સરિના દિવસે વેર, વિરોધ, વિખવાદ વગેરેનો ક્ષમાના આદાન-પ્રદાનથી પ્રેમપૂર્વક અંત આવે છે.

**(૪) દસ લક્ષણ આરાધના :** જૈન ધર્મમાં તપનું ખૂબ મહત્ત્વ છે. જૈન દર્શને તપના વિજ્ઞાનની ઊંડી ચકાસણી કરી છે. બાહ્ય તપના છ ભેદ અને અભ્યંતર તપના છ ભેદ એમ કુલ તપના બાર પ્રકાર બતાવ્યા છે. આમાં નાના-મોટા, સશક્ત-અશક્ત, સ્ત્રી અને પુરૂષ સહુ કોઈનો સમાવેશ થાય છે. યથાશક્તિ તપનો આદેશ આપીને અતિ તપનો વિરોધ બતાવ્યો છે, મન પર કાબૂ રહે અને ચેતના જ્વલંત રહે એટલું તપ.

આ તપસ્યા એટલે ઈન્દ્રિય શુદ્ધિ અને મનશુદ્ધિ કરનાર અગ્નિનો તાપ હશે. એમાં એ તપશે. તપ્યા પછી એનું કુંદન, કથીર વિહોણું બનશે. માયા ગળશે, મદ ઓગળશે. મન નિર્મળ થશે.

**(૫) ચૈત્યપરિપાટી :** ચૈત્ય એટલે જિન મંદિર, તેની પરિપાટી એટલે યાત્રા કરવી. પર્યુષણના દસ દિવસોમાં સાંસારિક કાર્યોથી નિવૃત્તિ મેળવીને ધર્માનુષ્ઠાનમાં જોડાઈ જવું. બિમારને જેમ વૈદ્ય આરામ લેવાનું કહે છે એમ ધમાલ અને ધાંધલમાંથી નિવૃત્તિ લઈ પ્રભુદર્શન, વંદન, પૂજનમાં મન, વચન અને કાયાનો મેળ સાધીને ભાવપૂર્વક જોડાઈ જવું. જિનેશ્વર ભગવાનની પ્રતિમાને સાક્ષાત ભગવંત માની અત્યંત ભાવ અને ઉલ્લાસપૂર્વક એની પૂજા, વંદના, ભક્તિ કરવાનું કર્તવ્ય આમા સમાવેશ પામે છે.

આ છે આત્મશુદ્ધિ અને જગત કલ્યાણને ચીંધતાં પર્યુષણ પર્વનાં પાંચ મુખ્ય કર્તવ્ય !

## ચોમાસામાં સાજા-નરવા રહેવા સાવધાની

સામાન્ય સફાઈથી કોઈ ફાયદો થતો નથી. ભેજ અને ગરમીને કારણે નરી આંખે નદેખાનારા જીવાણુ ઓનું પ્રમાણ વધી જાય છે. સ્વચ્છતા તથા તંદુરસ્તી જાળવવા વિશેષ બાબતો પર ધ્યાન આપવું જરૂરી છે.

''ભોજન રંધાઈ ગયા બાદ ફક્ત ગેસનો ચૂલો સાફ ન કરતાં પ્લેટફોર્મ તથા આસપાસની જગ્યા પણ બરાબર સાફ કરવી. જરા સરખી પણ ચિકાશ જીવાણુઓને આમંત્રણ આપશે.

''રસોડામાં વપરાતા કપડાં હાથ લૂછવાનો નેપકિન વાસણ લૂછવાના રૂમાલ કે જમીન લૂછવાના પોતા સ્વચ્છ ધોયેલા હોવા જરૂરી છે. શક્ય હોય તો આવા કપડાંને ફિનાઈલ જેવા જંતુનાશક દવામાં રાતે ડૂબાડી રાખવા અને સવારે ધોઈને સુકવી દેવ.

''કચરાની બાલદીને બરાબર ધોવી અને તડકામાં સૂકવવી. શક્ય હોય તો તેને પણ જંતુનાશક દવાથી સાફ કરવી.

ભોજન રાંધતા પહેલાં સ્વચ્છ પાણીથી હાથ ધોવાનું ભુલવું નહીં. રસોડાના કબાટ, ખાના નિયમિત સાફ રાખવા. ઘરની આસપાસનું સ્થાન પણ સ્વચ્છ રાખવું. લાદીને નિયમીત ફિનાઈલથી લૂછવી.

રાંધેલા ભોજનને ફ્રિજમાં રાખવું નહીં અને રાખવું જ પડે એમ હોય તો ઠંડુ થાય એટલે તરત જ ફ્રિજમાં મૂકી દેવું.

''ફ્રોસ્ટ ફ્રી'' પધ્ધતિવાળું ફ્રિજન હોય તો તેને નિયમિત 'ડિફ્રોસ્ટ' કરવું તથા હુંફાળા સાબુના પાણીથી સાફ કરવું. સ્વચ્છ નેપકીનથી લૂછવું.

ફ્રિજમાં વાનગી ઢાંકણ ઢાંકીને જ રાખવી.

ઘરમાં નાનું બાળક હોય તો તેની દરેક વસ્તુઓ ડેટોલથી સાફ કરવી.

બાળકના બળોતિયા પણ ધોળમાં ડૂબાડી પછી સૂકવવા.

બાળકના રમકડાં પણ સ્વચ્છ પાણીથી ધોવા.

બાળોતિયાં બરાબર સૂકાઈ જાય પછી જ વપરાશમાં લેવા.

બાથરૂમ, સીન્ક, કમોડ વગેરે સાબુના હુંફાળા પાણીથી ધોવા અને તેમાં પણ ફિનાઈલ છાંટી દેવું.

# કૃમિરોગ અને સારવાર

આજે આપણે એક એવા વિષય ઉપર ચર્ચા કરવા જઈ રહ્યા છે. કે જેનો અનુભવ મોટા ભાગે દરેક માતાએ પોતાનાં બાળકની બાલ્યાવસ્થા વખતે કર્યો જ હતો. આ રોગનું નામ છે, 'કૃમિરોગ'.

બાળપણમાં મોટાભાગના બાળકો કોઈ ને કોઈ વાર આ સમસ્યાનો સામનો કરી ચૂક્યા હોય છે.

પરંતુ દરેક માતા-પિતા ઈચ્છે છે કે, તેમનું બાળક સંપૂર્ણ સ્વસ્થ અને તંદુરસ્ત રહે, એ માટે બાળકોનો થતા રોગોમાં વિશેષ પ્રમાણમાં જોવા મળતો 'કૃમિરોગ' વિશે જાણકારી હોવી ખૂબ જરૂરી છે.

આ ઉસિજ એટલે કે કૃમિઓ ઘણા બધા પ્રકારના જોવા મળે છે. જેમ કે (૧) ગોળ (૨) લાંબા (૩) પાતળા દોરા જેવા (૪) ચપટી પટ્ટી જેવા (૫) સૂક્ષ્મ હુક જેવા.

**હેલ્થ હાઈવે**

જેમાંથી અમુક પ્રકારના કૃમિઓ નરી આંખે જોઈ શકાતા નથી. પરંતુ આ કૃમિઓ સૂક્ષ્મદર્શક યંત્રની મદદથી અવશ્ય જોઈ શકાય છે. કૃમિરોગની યોગ્ય સારવાર ના કરવામાં આવે તો તે બાળકની પાચન ક્રિયા પર વિપરીત અસર પડે છે.

**કૃમિરોગનાં કારણોની વાત કરીએ તો :-**

જેમાં મુખ્યત્વે મીઠી ચીજ, ગળપણનું વધુ પડતુ સેવન, દુષિત વાસી શાકભાજી ખાવા, મેંદાની આઈટમો વધારે ખાવી, માટીમાં રમવું, કેક, આઈસ્ક્રીમ, ચોકલેટ વગેરેનું અત્યાધિક સેવન ગોળમા તથા ખાંડના પદાર્થો અત્યાધિક ખાવા, તથા બાળકની હાથ-પગ ધોવા વિના જ માટીવાળા હાથે જમવા બેસી જવાની રીત પણ કૃમિરોગ ઉત્પન્ન કરે છે.

કૃમિરોગના લક્ષણો વિશે જો વાત કરીએ તો નીચેના લક્ષણો કૃમિરોગના જોવા મળે છે :-

૧. કૃમિના કારણે બાળકમાં ફીકાશ કે પાંડુતા લાગે છે.

૨. બાળકને જમવામાં અરૂચિ ઉત્પન્ન થાય છે.

૩. બાળકનો સ્વભાવ ચીડિયો થઇ જાય છે.

૪. બાળક ઉંઘમાં દાંત કચ-કચાવે છે.

૫. બાળક વારંવાર પેટમાં દુઃખાવાની ફરિયાદ કરે છે.

૬. બાળકને ગુદાના ભાગમાં ખંજવાળ આવે છે.

૭. ઘણીવાર બાળકો પથારીમાં મૂત્રત્યાગ કરી નાખે છે.

૮. કેટલાક બાળકોમાં શીળસના લક્ષણો પણ જોવા મળે છે.

૯. ક્યારેક ખૂબ ખાવું તો ક્યારેક ખોરાક લેવાની બિલકુલ ઈચ્છા ન થવી, વગેરે કૃમિનાં સામાન્ય લક્ષણો છે.

**સારવાર :**

૧. બાળકોને ગળપણવાળા પદાર્થો, ખાંડ, ગોળ, મેંદો, વગેરે બંધ કરીને કૃમિઘ્ન ઔષધોનું સેવન શરૂ કરાવવું જોઈએ.

૨. અજમાનું ચૂર્ણ વાટીને સવાર-સાંજ આપવું જોઈએ.

૩. વિડંગારીષ્ટ ૧-૧ ચમચી સવાર-સાંજ આપી શકાય છે.

૪.કૃમિમુદ્‌ગર રસ, કૃમિકલ્યાણ રસ કે નિમ્બાષક ચૂર્ણમાંથી કોઇ પણ એક યોગનું ચિકિત્સકની સલાહ મુજબ સેવન કરવું જોઈએ.

જરૂર લાગે તો સ્ટુલની રીપોર્ટ પણ કરાવવી જોઈએ.

આહારની બાબતમાં પણ સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે. ઉકાળેલું અને ગાળેલુ પાણી જ પીવું, શાકભાજી, ફળફળાદિ ધોઈને જ આપવા જોઈએ. આ ઉપરાંત બાળકોને ગંદકીમાં રમવા દેવા જોઈએ નહીં. સંડાસ-બાથરૂમમાં જઈને આવ્યા બાદ હાથ-પગ સાબુથી બરાબર ધોઈ નાંખવા જોઈએ. જમવા બેસતા પહેલા પણ હાથ-પગ ધોઈને જમવા બેસવું જોઈએ.

કૃમિરોગમાં દૂધ, દહી, ઘી, પાંદડાવાળા શાક, ખટાશ, માંસ, ચોકલેટ, આઈસક્રીમ, બ્રેડ, પીઝા, બર્ગર આ બધી વસ્તુથી પરેજ રાખવો જરૂરી છે.

આટલી સાવધાની આપના બાળકને કૃમિરોગથી જોજનો દૂર રાખે છે.

# ભાવભીની શ્રધ્ધાંજલી

તું મારી પાસે નથી, પણ મારી દરેક વાત માં છે,
તું મારી સાથે નથી, પણ મારી દરેક યાદમાં છે,

કેટલીક વાર આંખો બંધ કરૂ છું, તો લાગે છે કે તું સામે જ ઉભી છે
આંખો ખોલું છું, તો સમજાય છે કે એ તો માત્ર દિલ નો ભ્રમ હતો.
મને તારી જરૂર આજે પણ એટલીજ છે, જેટલી પહેલા દિવસે હતી,
ફરક માત્ર એટલો છે કે, પહેલા તને મળવાની આશા હતી !!

જન્મ તારીખ
શુક્રવાર, તા. ૦૩-૦૨-૧૯૬૧



અરિહંત શરણ :
ગુરૂવાર તા. ૧૬-૦૭-૨૦૨૬
સવારે ૧૦-૩૦

## શ્રીમતી મીનાબેન દિલીપભાઇ પરીખ

મારી જીવન સાથી અને મારા સંતાનોની જનની
એવી મારી ધર્મપત્ની અચાનક અમને છોડીને દેહપરીવર્તન પામ્યા છે.
તેમનું જવું અમારા પરિવાર  માટે ક્યારેય ન ભરાય તેવી ખોટ છે.
તેનો આત્મા દેવ, શાસ્ત્ર, ગુરૂ નું શરણ લઇ પંચમ ગતી પ્રાપ્ત કરવાની
શક્તિ ને પ્રાપ્ત થાય તેવી અભ્યર્થના સહ જય જીનેન્દ્ર.

### ❋ શ્રધ્ધાસુમન અર્પણકર્તા ❋

દિલીપભાઇ શાંતિલાલ પરીખ પરિવાર
પ્રવર - વિશાખા, જિનાંશ (પૌત્ર)
આર્જવ - હર્ષિતા
કમલેશભાઇ - સુનિતા પરીખ

શોભનાબેન - પ્રકાશચંદ્ર
સુનીલભાઇ - શિલ્પા પરીખ
સ્વ. મુકેશભાઇ - પારૂલ પરીખ

વિજય પૂનમચંદ શાહ
જયકર પૂનમચંદ શાહ } વડોદરા

**સમાજ હિતચિંતક બનવા બદલ પરિવારનો ખૂબ-ખૂબ આભાર**

# 'ઘણી વાર ઉતાવળે લાગણીના પ્રદર્શન કરતાં લાગણી પરનો કાબુ સારાં પરિણામ લાવી શકે છે'

**વાર્તા**

આખું શહેર નવરાત્રીની ધમાલમાં વ્યસ્ત છે. આશા નવરાત્રીના ઉપવાસ કરવાની છે, એટલે પૂજાની તૈયારીમાં મગ્ન છે. આજે રજા હોવાથી હું નિરાંતે પેપર વાંચવામાં મશગુલ છું. એટલામાં જ ટપાલી ટપાલ નાખીને ચાલતો થાય છે. આવેલી ટપાલ ઉપર-ઉપરથી જોઇ લેવાનો ઇરાદે હું કાગળો આમતેમ ઉથલાવું છું અને મારી નજર પડે છે, એક પોસ્ટકાર્ડ પર! નથી એ કાગળ પર પત્ર લખનારનું સરનામું કે નથી પત્ર લખનારનું નામ.

પણ પત્રના અક્ષરો આંખ મારફતે મનમાં યાદના દીપક પ્રગટાવવા માટે છે. પરિચિત મિત્રો તથા સગાં-વહાલાંની યાદી પર ચોકડી મારતાં-મારતાં સ્મૃતિ થાય છે. એક નામ પર ! મારી નાની બેન આકૃતિના નામ પર.

'અરે, આ તો આકૃતિના અક્ષર છે.' હું સ્વગત બોલી ઊઠું છું. આકૃતિએ અભિનય સાથે સ્વપસંદગીથી ઘરમાં જાણ કર્યા વગર લગ્ન કરી લીધા હતાં. અને તેની સાથે રહેવા ચાલી ગઇ હતી. અભિનય ઇતર જ્ઞાતિનો હોવાથી મમ્મી આકૃતિને તેની સાથે લગ્ન કરવાની પરવાનગી નહીં આપે એવી આકૃતિને ખાતરી હોવાથી તેણે ભાગીને લગ્ન કરી દીધાં હતાં. આકૃતિના આમ એકાએક ચાલ્યા જવાથી મમ્મીને ખૂબ જ આઘાત લાગ્યો હતો. તેમણે આકૃતિ સાથે સંબંધ રાખવાની મને પણ મનાઇ ફરમાવી દીધી હતી. અને આ આઘાત તેમના માટે જીવલેણ નીવડ્યો હતો.

લગ્ન કર્યા બાદ શરૂઆતના ત્રણેક વર્ષ સુધી તો આકૃતિએ મને નિયમિત મળતી હતી. પરંતુ છેલ્લા પાંચેક વર્ષથી આકૃતિના કોઇ સમાચાર નહોતા. **પણ આકૃતિએ મને મોકલેલી રાખડી અને લખેલા પત્રને કારણે તેના અક્ષરોએ મને પાકી ઓળખાણ કરાવી દીધી હતી.**

'પાંચ વર્ષ પછી આકૃતિનું એકાએક આવેલું પોસ્ટકાર્ડ જોઇ હું ચિંતામાં પડી ગયો. 'આકૃતિ પણ કેવી ગાંડી છે! નથી કાર્ડ પર સરનામું કે નથી કશો સંકેત! નક્કી આકૃતિ કોઇ મોટી મુશ્કેલીમાં લાગે છે ! પણ આ મહાનગરના માનવમેળામાં તેને શોધવી ક્યાં?' મારી વિચાર યાત્રા ચાલુ છે.

મને યાદ આવે છે.... મારી પત્ની આશાને આવેલા પત્રો એકઠા કરવાની આદત છે. અને હું એકદમ ઊભો થઇને આશા પાસે પહોંચી જાઉં છું. 'આશા, તું આવેલો પત્રો સાચવીને રાખે છે ને? મને બતાવને જરા. મારે પાંચેક વર્ષ પહેલાંના પત્રો જોવા છે. પ્લીઝ, આશા જલ્દી કરને.' નવરાત્રિના કામમાં વ્યસ્ત આશા ગુસ્સામાં મને કહે છે, 'એકાગ્ર, તું જોતો નથી કે હું નવરાત્રીની તૈયારી કરૂં છું. અને અત્યારે જુના પત્રો શોધવા માટે તું મને આગ્રહ કરે છે. અત્યારે એ કામ મારાથી નહીં થાય. પછી ફુરસદ મળે હું તને પત્રો શોધી આપીશ.'

આશાએ જુના પત્રો શોધી આપવાની ના પાડી. એટલે હું રૂમમાં ગયો અને એક જ ઝાટકે તેના કબાટનું તાળું તોડી નાખ્યું. કાગળો ઉથલાવતાં-ઉથલાવતાં મારા હાથ અટકે છે. **એક રાખડીના કવર પર! રંગ-બેરંગી આકર્ષક રાખડી સાથે એક પત્ર પણ છે. એ પત્ર આકૃતિનો હતો.** હા... આ જ અક્ષર.... આવેલા કાર્ડના અક્ષર સાથે મેળ ખાય છે. થેંક યુ આશા... થેંક યુ, તારી વસ્તુઓને સંઘરવાની ટેવ મને ખૂબ જ કામમાં આવી.... એકલો એકલો સંવાદ રચતો હું કવર ઉઠાવીને આકૃતિનું સરનામું વાંચું છું.

અને જમવાની કાર્યક્રમ પડતો મૂકીને હું આકૃતિએ પાઠવેલા પાંચ વર્ષ પૂર્વના પત્રને સહારે તેને શોધવા નીકળી પડું છું, **રાખડીના મૂલ્યની રક્ષા ખાતર.**

'અરે વડીલ, જરા ઊભા રહેજો. અહીં 'એકાન્ત' નામના બંગલામાં એક બહેન રહે છે. નામ છે શ્રીમતી આકૃતિ તેના પતિ મોટા બિઝનેસ-મેન છે.'

'ઓહ... આઇ સી! તમે મિ.અભિનયની વાત કરો છો... પેલા એક નંબરના દગાબાજની? નામ મોટું ને દર્શન ખોટાં. એનાં અને આકૃતિના ૠણાનુબંધ તો ક્યારનાં ય પૂરો થઇ ગયાં. આકૃતિ અને તેના છ માસના નાના પુત્રને મૂકીને એ બદમાશ તો ભાગી ગયો છે. એ વાતને આજે પાંચેક વર્ષ થયા હશે.' પેલા વડીલની આંખો રોષ વરસાવી રહી હતી.

'પણ મને અભિનય કરતાં આકૃતિમાં રસ છે. એ મારી નાની બહેન છે.'

'તો પછી પાંચ વર્ષ સુધી ક્યાં ઊંઘી ગયા હતા? બાપડી છોકરી પર દુઃખના ડુંગર તુટી પડ્યા... પણ કોઈએ એની ખબર ન લીધી! અંતે દરદાગીના ચીજવસ્તુઓ વેચીને અભિનયે કરેલું દેવું ચૂકવીને પોતાની વૃદ્ધ સાસુને લઈને એ ક્યાંક ચાલી ગઈ. કેવી ભલીભોળી છોકરી... રાક્ષસના પંજામાં બિચારી ક્યાં ફસાઈ!' પેલા વડીલ જવા માટે તૈયાર થયા, છતાં ય આકૃતિના બદલાયેલા સરનામા અંગે વધુ કશું પૂછવાની હું હિંમત કરી શક્યો નહીં.

અને ઉદાસ મને હું ઘરે આવીને સોફા પર સૂનમૂન થઈને બેઠો. ત્યાં જ સામે આજ્ઞા આવીને ઊભી રહી. તે સખત ગુસ્સામાં હતી. 'એકાગ્ર, કહ્યા વગર ક્યાં ચાલ્યા ગયો હતો? જમવાનો સમય પણ વીતી ગયો હતો? અને સાંજ પડવા આવી. તને મારી કાંઈ પડી છે કે નહીં? નવરાત્રીમાં માતાજીની સ્થાપનાની તૈયારીમાં મને મદદ કરવાની વાત તો દૂર રહી, આમ પજવે છે શા માટે? અને એવું તે શું નાસી જતું હતું કે મારા કબાટનું તાળું તોડી નાખ્યું? અને આખું કબાટ ફેંદી નાખ્યું. એવો તો ક્યો મહત્વનો પત્ર હતો કે આમ ધાંધો થઈ ગયો છે? કોઈ જુનું લફરૂં તો નથી ને? આમ સાવ મોં લટકાવીને કેમ બેઠો છે?'




હું આજ્ઞા સામે ટગર-ટગર જોઈ રહ્યો મને નિરૂત્તર જોઈને આજ્ઞા વધારે ઉશ્કેરાઈ. આજ્ઞા સાથેના દામ્પત્ય જીવનનું એક વર્ષ પુરૂં થયું છે, એ દરમિયાન એ 'મુક્ત વક્તા' રહી છે. અને હું એનો મુગ્ધ શ્રોતા. પણ આજે મારૂં મૌન આજ્ઞાથી સહન ન થયું. તે તાડૂકી, 'એકાગ્ર, તું તો ગજબનો માણસ છે! હું પૂછું છું એનો જવાબ કેમ નથી આપતો? એકાગ્ર, મને તારા જેવા ઠંડાગાર માણસો જરાપણ પસંદ નથી. હે ભગવાન, મારા પપ્પાજી ને શું જોઈને મને આની સાથે પરણાવી હશે?'

'આજ્ઞા પ્લિઝ , તારાં વાક્બાણો બંધ કરીશ હવે. મને શાંતિથી એકલો બેસવા દે, તું જા, જમી લે અને પછી સુઈ જા.' આજ્ઞાથી પીછો છોડાવવાનો પ્રયત્ન કરવાં મેં કહ્યું.

'એકાગ્ર, તું ક્યાં ગયો તો એ જાણ્યા વગર હું અહીંથી ખસવાની નથી. શાંત પાણી ઊંડાં હોય છે. એ કહેવત તને બરાબર લાગુ પડે છે. ચાલ, બોલ હવે જલ્દી કહે, તું ક્યાં ગયો હતો?'

'આજ્ઞા, તારે મારી વાત સાંભળવી હોય તો શાંતિથી બેસ. મારે પણ મારૂં મન હળવું કરવું છે. જો સાંભળ, મારી બહેન આકૃતિ બહુ મુશ્કેલીમાં છે...'

એકાગ્રની વાત અધવચ્ચે જ કાપતાં આજ્ઞા ફરીથી તાડૂકી, 'શું કહ્યું બહેન? અત્યારે બહેન ક્યાંથી ટપકી પડી? આપણા લગ્ન પહેલાં કે લગ્ન પછી ક્યારેય તેં તારી બહેન છે એવું તો મને કહ્યું જ નથી. બહેન જીવે છે તો સાથે સાથે એ પણ જણાવી દે કે તારાં મમ્મી ખરેખર મરણ પામ્યાં છે કે એ પણ જીવે છે?'

'આજ્ઞા, મારી મમ્મી એટલે તારાં સાસુ એમ જ તું પૂછે છે ને ?'

'હા, પણ 'સાસુ' શબ્દ સાથે મને સાત જનમારાનું વેર છે. સાસુ શબ્દમાં મને એક ચક્રી શાસનની દુર્ગંધ આવે છે. એટલે જ મેં 'તારી મમ્મી' શબ્દ વાપર્યો છે'. આજ્ઞાએ સ્પષ્ટતા કરી.

'આજ્ઞા, જે સવાલ તારે લગ્ન પહેલાં પૂછવો જોઈએ એ સવાલ તું લગ્નના એક વર્ષ પછી પૂછે છે!'

'તેથી શો ફેર પડવાનો હતો? તારાં મમ્મી હોય તો મારે તેમને પાલવવાનાં ન હોય તો તેમના ફોટાની પૂજા કરવાની... મારે મન તો બન્ને ક્રિયાઓ સરખી જ છે. પણ આ તમારી બહેન ઉર્ફે મારી નણંદ આજે ક્યાંથી આવી ચઢી?'

'આકૃતિ મારી નાની બેન છે. પપ્પાજીના અવસાન પછી મમ્મીએ મને અને મારી બેનને પ્રેમ અને હૂંફ આપીને એકલા હાથે ઉછેર્યા આકૃતિ દીકરી હતી, પણ મમ્મીએ ક્યારેય કશી રોકટોક કરી નહોતી, અને તેની સાથે ખૂબ જ વાત્સલ્યપૂર્ણ અને નિખાલસતાભર્યો સંબંધ રાખ્યો હતો. છતાંય આકૃતિએ લગ્ન કરતાં પહેલાં મમ્મીને પૂછવા જેટલી યે ઔપચારિકતા ન દાખવી. એનો આઘાત મમ્મી માટે જીવલેણ નીવડ્યો. આજે પાંચ વર્ષ બાદ મારી બહેનની ટપાલ આવી છે. તે મુશ્કેલીમાં છે. પણ તેનું સરનામું તેણે ટપાલમાં જણાવ્યું નથી.'

'ઓહો, એમ વાત છે. બહેનને પાછી ઘરમાં લાવવી છે, એટલે મારી સાથે શાંતિથી વાત કરો છો. હવે મને સમજાઈ ગયું, પણ એકાગ્ર, તમારી મમ્મીને દુઃખ થયું અને તમને શું થયું? યૌવનમાં આકર્ષણો પ્રણય સિવાયના તમામ

સંબંધોને નગણ્ય અને નિરર્થક ગણે એ શું યોગ્ય ગણાય? નવો સંબંધ રચવા માટે તમારી બહેને પોતાના સંબંધોની પીઠમાં ખંજર ભોક્યું છતાંય તમે તેની ચિંતા કરી તેને માફ કરી દેવા તૈયાર છો? વાહ! 'ભાઈ હો તો ઐસા!'

'બસ આજ્ઞા, આગળ એક શબ્દ પણ ન બોલીશ, આકૃતિ મારી બહેન છે, અને આજે તેને મારી જરૂર છે.' આજ્ઞાના સહકારની અપેક્ષાએ મેં મારા માનની વાત તો તને કરી. પણ મારા ધાર્યા પ્રમાણે જ તેનો ઉત્તર મળ્યો.

પરંતુ મેં નક્કી કર્યું છે કે આકૃતિને શોધીને જ હું ઝંપીશ. દરરોજ હું ઓફિસ જવાના સમયે નીકળતો. આકૃતિ જઈ શકે તેવી સંભવિત બધી જ જગ્યાઓની મુલાકાત લેતો અને સાંજ પડે ઓફિસ છૂટવાના સમયે ઘેર આવતો. પરંતુ આકૃતિનો પત્તો મળતો નહોતો.

એકવાર અમારા પાડોશમાં રહેતા મેહુલભાઈને હોસ્પિટલમાં દાખલ કર્યા હતાં. એટલે તેમની ખબર જોવા મારે હોસ્પિટલ જવાનું બન્યું. ત્યાં પ્રવેશતાની સાથે જ જનરલ વોર્ડના પલંગ નં.૪ પર આકૃતિને મેં જોઈ. આકૃતિ સખત તાવમાં કણસતી હતી. શરીર સાવ સુકાઈ ગયું હતું. ગાલમાં ખાડા અને અંદર ધસી ગયેલી આંખો! એક વસંતી કળી અકાળે પાનખરનો શિકાર બની ગઈ હોય તેમ દીનહીન દશામાં એ પલંગ પર પડી હતી.

'આકૃતિ, તારી આ દશા? છેલ્લાં પાંચ વર્ષથી એક પણ પત્ર નહીં. અત્યારે પત્ર લખ્યો તે ય નામ-સરનામા વગરનો?' મેં શિકાયતના સ્વરમાં તેને કહ્યું.

'ભાઈ, મમ્મીના અવસાનના સમાચાર મને મળ્યા હતા. મમ્મીની હું ગુનેગાર છું. તમે મને માફ કરશો કે નહીં એ દ્વિધામાં મેં તમારે ત્યાં આવવાનો પ્રયત્ન જ ન કર્યો. પણ તમારી અને મમ્મીની ખૂબ  જ યાદ આવતી હતી એટલે એક સાદો પત્ર લખીને સંતોષ માન્યો. તમે મારી ચિંતા કરીને દુઃખી ન થશો. મેં મારાંને દુભવ્યા છે, એની સજા તો મને મળવી જ જોઈએ ને ! મને એક જ ચિંતા કોરી ખાય છે મારાં ગયા પછી મારા નાનકડા દીકરા દીપનું શું થશે?'

આકૃતિ આગળ કશું બોલે તે પહેલાં જ હાથમાં પાણીનો ગ્લાસ લઈને ઉભેલો દીપ બોલી ઉઠ્યો, 'મમ્મી, આ મારા મામા છે? અને તે આપણને લેવા આવ્યા છે? આપણે આ દિવાળી મામાને ત્યાં કરવાની છે?'

અને મારા અંતઃકરણમાં લાગણી અને કર્તવ્યના હજારો દીવાઓ પ્રગટી ઉઠે છે. કોઈકનો 'દિ' સુધારીએ કે કોઈ આપણો 'દિ' સુધારે એમ તો દિવાળીના દીવાઓ જાતે બળીને પ્રકાશ રેલાવતા હોય છે!

હું મારા ભાણેજ દીપને મારી ગોદમાં લઈને ચૂમીઓના વરસાદથી ભીંજવું છું. હોસ્પિટલના ડોક્ટરને મળી હું મારી વહાલસોયી બહેન આકૃતિની સારવારની ઉત્તમ વ્યવસ્થા ગોઠવું છું. અઠવાડિયામાં આકૃતિ સાજી થઈ જાય છે!

મને ખાત્રી હતી કે આજ્ઞા આકૃતિ અને દીપનું અમારા ઘરમાં આગમન નહીં સ્વીકારે! એટલે મેં મારી ઓફિસની નજીકમાં જ એક નાનકડો ફ્લેટ ભાડે રાખી તેમાં જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓથી તેને સજ્જ બનાવી દીધો હતો. હોસ્પિટલમાંથી રજા આપ્યા બાદ હું આકૃતિને તેના નવા નિવાસસ્થાને લઈ ગયો. ઈચ્છતો હતો કે હું મારી વિજોગણ બહેનને મારી સાથે રાખી તેની ઉપેક્ષા કર્યાનો પશ્ચાતાપ કરી લઉં! ઘણી વાર ઉતાવળે લાગણીના પ્રદર્શન કરતાં લાગણી પરનો કાબુ સારાં પરિણામ લાવી શકે છે !

મેં આકૃતિને આશ્રયરૂપ કરી, ત્રણેક મહિના બાદ એને નોકરી અપાવી અને દીપને ભણાવવાની પણ વ્યવસ્થા ગોઠવી દીધી. ઓફિસથી છૂટ્યા બાદ હું દરરોજ સાંજે મારી બહેન આકૃતિને મળીને જ ઘર જાઉં છું. દીપ ખુશખુશાલ છે ! તે એકાએક આકૃતિને પૂછે છે, 'મમ્મી, મામા અત્યાર સુધી ક્યાં ખોવાઈ ગયા હતા?'

અને આકૃતિ મારા વતીથી દીપને જવાબ આપે છે, 'બેટા, સાચા મામા કદી ખોવાતા નથી, અને ખોવાઈ જાય તે મામા નથી ! હા, ખોવાઈ તો હું ગઈ હતી, પણ તારા મામાએ મને શોધી કાઢી,' અને આકૃતિના ફ્લેટમાં જાણે હજારો દીવા પ્રગટી ઊઠ્યા હતા. - ડૉ. ચંદ્રકાંત મહેતા

સાભાર : ગુ.સ.

## સંઘ-મહાસંઘ, દાનરાશી-મહારાષ્ટ્ર ઝોન

| રસીદ નં. | નામ | સ્થળ | રકમ |
|---|---|---|---|
| ૧૪૯૩ | શાહ તારાબેન જયંતિલાલ (પુણ્યતિથી નિમિત્તે) | મલાડ | રૂ. ૨,૫૦૦/- |

## દિગમ્બરાચાર્ય વિશુદ્ધસાગરજી રચિત

# विचार

By પ.પૂ.આચાર્ય વિશુદ્ધસાગર મહારાજ



**તંત્રી નોંધ :** વર્તમાનમાં પૂ. આચાર્ય વિશુદ્ધ સાગર મ.સા., તેમના તરફથી જે 'વિચાર' ઉપર પ્રવચન કરવામાં આવ્યા તેનું સંકલન મુનિશ્રી સૌમ્યસાગરજી એ કરેલ છે. વાંચકના હિતાર્થે પ્રકાશિત કરી રહ્યા છીએ. હાલ તેમનું ચાતુર્માસ 'દિલ્હી' ખાતે છે.

**२१. बिना समीचीन विचार किए कार्यों से जीवन दूषित होता है**

जो पुरुष बिना समीचीन विचार किए कार्य प्रारम्भ करता है, उसे महा-क्लेश, आपत्ति, अपमान तथा अपकीर्ति का दर्शन करना पड़ता है। उसका सम्पूर्ण जीवन दूषित हो जाता है; जीते जो जीवन की उमंग, उत्साह-शक्ति, धर्म-विशुद्धि, कुछ करने की इच्छा, श्रेष्ठ तत्त्वोपदेश ग्रहण करने की शक्ति तथा ज्ञान-विज्ञान सब शून्य हो जाता है। जीवन ही नीरस-निस्सार तथा भारभूत लगने लगता है। ऐसे काल में धैर्य, शौच, शान्ति एवं क्षमा की आवश्यकता होती है। पूर्णत: तटस्थ होकर साक्षी भाव का आलम्बन लेकर समय पूर्ण करना ही श्रेष्ठ है। जो भी करो, सर्वप्रथम अन्त:करण में निर्णय करो कि उससे स्वकीय जीवन कैसा रहेगा।

**२२. विचारों का हमारी जीवन-शैली तथा जगत् पर असर**

विचारों की धारा विराट् है और उन्हीं में विश्व निमग्न है। उन विचारों का अन्वेषण करो। कुछ विचार जगति पर आनन्द के साथ प्रचार को प्राप्त हो जाते हैं। ऐसे विचारों को भी खोजकर रखो जिनका प्रचार नहीं किया जा सकता, परन्तु जिन पर स्वयं का विचार अवश्य किया जाना चाहिए। विचार करो कि जो विचार सम्प्रति चल रहे हैं, उनसे हमारी जीवन-शैली तथा जगत् पर क्या असर होगा? जन-समूह उन विचारों से धर्म एवं धर्मात्माओं से कितनी दूरी बना लेंगे? सम्यक् मार्ग की कितनी हानि होगी अथवा सद्मार्ग की कितनी बुद्धि होगी? हेय-उपादेय, लाभ-हानि, कार्य-अकार्य का विवेक जागृत रखना चाहिए।

**२३. विचारशीलता - मानव की प्रथम विराट् शक्ति**

समरसी भाव में प्रवेश पाने हेतु सम्पूर्ण अशुभाचरण के विचारों का बुद्धिपूर्वक प्रत्याख्यान करना होगा। पर-भावों के ममत्व भाव का विचार जब तक बुद्धि में है, तब तक जीव शुद्ध भाव को प्राप्त नहीं कर सकता। सर्वप्रथम असंयम भाव का अभाव स्वात्मा में करने का विचार स्थापित करो। जितने भी जीव परमात्मा पद पर अधिष्ठित हुए हैं व होंगे वे सभी शुद्ध विचारों के प्रभाव से ही हुए हैं तथा होंगे। साधक का धर्म है वह सर्वप्रथम विचार शुद्धि का अभ्यास प्रारम्भ करे। यदि विचार शुद्धि है तो आचरण की शुद्धि है, अन्यथा नहीं।

**२५. विशद विचारों के लिए विशद प्रज्ञा तथा संयम की आवश्यकता**



प्रत्येक विषय पर सम्यक् विचार करना विशिष्ट जनों की पहचान है। अज्ञ प्राणी विपरीत ही विचार करता है, जबकि ज्ञानी विधि-निषेधात्मक विचार करता है। ज्ञानी हेय-उपादेयता, करणीय-अकरणीय, लाभ-अलाभ पर विशद विचार कर एक निर्णय को प्राप्त होता है। अज्ञानी के पास विशद विचार करने के लिए विशद प्रज्ञा ही कहाँ है? प्रज्ञावन्त तथा पुण्यवन्त विज्ञजन ही विशिष्ट विचार शक्ति से वस्तु के भूतार्थ वस्तुत्व पर भूतार्थ विशद विचार कर स्व-पर का तत्त्व निर्णय कर, स्व-पर के अज्ञान-तम का क्षय कर, तीर्थंकर वर्धमान महावीर स्वामी जैसे महामन: होकर धन्य-तेरस को स्वकीय जीवन को धन्य कर सके। तत्त्व-विचारक सर्वप्रथम भावों की निर्मलता पर ध्यान देता है। भाव विशुद्धि पर सम्पूर्ण मोक्षमार्ग का प्रासाद आधारित है। तत्त्व ज्ञानी उन-उन हेतुओं से सदा दूरी बनाकर चलता है जो-जो हेतु शान्ति, आनन्द की श्वास में विघ्न करें। दु:ख, पीड़ा, चिन्ता, सन्ताप आत्मा की शान्ति के लिए घोर अन्तराय के कारण हैं। जीवन की सर्व साधना अल्प प्रमाण-काल में ध्वंस हो जाती है। सन्ताप के कारणों में प्रतिपल प्रसन्न जीवन जीने के लिए प्रबल विशुद्धि के साथ प्रचण्ड ध्यान एवं संयम साधना की आवश्यकता है। संयम से शिथिल पुरुष विशुद्धि का आनन्द नहीं ले सकता है। विशुद्धि का आनन्द नहीं ले सकता है। विशुद्धि का आनन्द तो दृढ़ संयमी, आत्म-साधक, निस्पृही मुमुक्षु-साधक ही ले सकता है। आडम्बरों के पास आत्मानन्द प्रवेश ही नहीं करता, इसमें कोई शंका नहीं है।

*क्रमश:.... अगले अंक में*

ADV

## લોકાધાર પ્રકાશન માટે આપના બાયોડેટા મોકલાવો, નિઃશુલ્ક છાપવામાં આવે છે

નि:शुल्क सेवा **जैन समाज-अविवाहीत युवक-युवतियाँ विवाह: परिणय परिचय** नि:शुल्क सेवा

| फोटो | युवक-युवती का नाम | पता, मोबाईल एवं ईमेल | जन्म तारीख, समय, स्थान | ऊँचाई/ वजन | मूल वतन/ गोत्र | शिक्षा | व्यवसाय | पिता/माता का नाम |
|---|---|---|---|---|---|---|---|---|
|  | दर्षित दिपक जैन | बोरीवली (पश्चिम), मुंबई - 400 092<br>मो.: 99204 34711<br>email : jndarshit@gmail.com | २४-१०-१९९६<br>सुबह ९-३७<br>वडोदरा | ५'५''<br>५५ किलो | वडोदरा (गुजरात)<br>अत्रे | B.E. Production Engineer | Business Technical Head (Family Business) APX INTERNATIONAL | दिपक जे.जैन<br>अपेक्षा दिपक जैन |
|  | दिशा फाल्गुन शाह | सी-१०२, निर्मल संकुल, टेम्फोडे पोस्ट ऑफिस के पास, पालघर (वे)-401 404.<br>मो.: 93207 42116/ 72081 92257 | २४-०४-१९९८<br>साहिबाग, अहमदाबाद | ४'११'' | खेरजू | Graduation in Banking & Insurance | Accountant & Nail Artist | फाल्गुन रतिलाल शाह<br>रीता फाल्गुन शाह |
|  | प्राची कौमिक शाह | रुस्तमजी रीजेन्सी, दहिसर (वे), मुंबई - 400 068<br>मो.:+91-9819674517<br>Instagram: @ahappybaloon | ०१-०३-१९९३<br>देहगाम (गुजरात) | ५'२'' | मंत्रेश्वर | Masters in Web Design and New Media from Academy of Art Univ. San Frans, Diploma in Digitl Media Mumbai | UI/UX & Product Lead Medika bazaar, Mumbai | कौमिन विनोद शाह<br>सोनल कौमिन शाह |
|  | मानव अमितकुमार शाह | बी-३०१, राधा रेसीडेन्सी, १५० फीट रोड, मेक्डोनल्ड के पास, भाईन्दर (पश्चिम) थाना- 401 101<br>मो.: 83558 37646 | ०६-१२-२००१<br>गांधीनगर | ५'११''<br>७४ किलो | वदराड<br>रजियानू | B.E. in Information Technology | Software Engineer<br>Synergics Solutions Pvt. Ltd. | अमित डी.शाह 98672 12212<br>किंजल अमित शाह 99301 43626 |

## मोक्षमार्ग प्रकाशक पद्यात्मक विश्लेषण-

### प्रथम अध्याय-श्रोता का स्वरूप

जिनकी भली होनहार हो, जिनका ऐसा चिन्तन है
हूँ कौन मैं, स्वरूप क्या मेरा, कैसा स्वरूप यह बनता है
कैसे होते भाव ये मेरे, सोचे इनका फल क्या होगा
क्यों दुखी हुआ, दु:ख दूर हो कैसे, मेरे हित कैसे होगा

उद्यमवन्त हुआ तो तत्क्षण, हित अपना अब करने को
प्रवचन सुने जो प्रीतिपूर्वक, उसका फिर चिन्तन करता हो
आगम-युक्ति के पैमान पर कस, जो सत्यार्थ प्रतीत होता
वह निर्णय कर, करता उद्यम, निज हित हेतु उद्धत होता

जिनदर्शन का दृढ श्रद्धानी, शास्त्राभ्यास से बुद्धि निर्मल
नय-निक्षेप से वस्तु समझ कर, निश्चय कर, अवधारण कर
प्रश्न उठे तब विनयभाव से, प्रश्न करें, निर्णय करते सम्यक
निन्द्य कार्य का त्यागी होकर, स्वाध्याय में हो आसक्त

व्याकरण-न्याय का ज्ञान यदि हो, शास्त्रज्ञान का हो आधार
ताकरि स्वरूप आस्वादी हो, यह श्रोता का विशिष्ट प्रकार
अतिशय बुद्धिवंत हैं जो, हुए अवधि और मनपर्यय धारी
ऐसे श्रोता तो महान हैं, निज हित करते परहितकारी

समझ न पाते मर्म धर्म का, जो भला मानकर सुनते हैं
पुण्य बन्ध तो होता उनके पर, विशेष कार्य ना सिद्ध करें
कुल प्रवृत्ति से या सहज योग से, जिनवाणी जो सुनते
जब जैसे परिणाम हो उनके, पुण्य-पाप उनको बंधते

महन्तता हेतु या लोभादिक से, सुनते हैं जो जिनवाणी
कोई ना उपलब्धि उनको हो, हो पापबन्ध कहते ज्ञानी
जिनवाणी सुनना एक क्रिया है, प्रतिफल भिन्न-भिन्न होते
जैसा जिनका अभिप्राय हो, उसको वैसे प्रतिफल मिलते

- परमात्म प्रकाश भारिल्ल

# આધુનિક કિચનમાં નવા શબ્દપ્રયોગ

નવી નવી વાનગીઓ પોતાના પરિવાર માટે બનાવાનું દરેક ગૃહિણીઓને મન થતું હોય છે. મોટી વયની મહિલાઓ વીડિયો જોઈને નવી નવી વાનગીઓ બનાવાના પ્રયાસ કરતી પણ હોય છે. પરંતુ તેમાં વપરાતી કુકિંગને લગતી ભાષા ઘણી વખત સમજી શકતી નથી હોતી. તેવી મહિલાઓ માટે અહીં કુકિંગ દરમિયાન ઉપયોગમાં લેવામાં આવતી ટર્મ્સની જાણકારી આપવામાં આવી છે.

**બેક કરવું**

ઓવન અથવા સોલર હીટમાં વાનગી બનાવાને બેક કરવાનું કહે છે. કેક, પિત્ઝા તેમજ અન્ય વાનગીઓને બેક કરીને બનાવામાં આવે છે.

**બેટર**

બેટર એટલે ઘટ્ટ ઘોળ જેમકે ભજિયાનું ખીરૂ, ઈડલી-ઢોસાનું ખીરૂ તેમજ કેક અને બિસ્કિટ બનાવા માટે બેટર બનાવવું એ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. જે પાણી અને લોટ તેમજ વિવિધ મસાલાનું મિશ્રણ હોય છે.

**બિટ**

મિશ્રણને ફેટવું. વાનગી બનાવની સઘળી સામગ્રીને ભેગી કરીને તેને એકસાર કરવાની પદ્ધતિને બિટ કરવું કહેવાય છે.

**સ્કૂપ કરવું**

બટાટા, ટમેટા, રીંગણા જેવા શાકને મધ્યમાંથી ખોતરીને રાધવાની ક્રિયાની સ્કૂપ કરવું કહે છે.

**સ્કિમ કરવું**

દૂધને ઉકાળી તેમાંથી મલાઈ કાઢવાની પ્રક્રિયાને સ્કિમ કરવું કહે છે.

**ગ્રીસ કરવું**

ઢોકળા, પાઉંભાજીના પાઉં વગેરે વાનગીઓને વાસણમાં બાફવા અથવા તો શેકતા મુકતા પહેલા તેલ, બટર જેવા ચીકણા પદાર્થોને વાસણમાં તેમજ પાઉં પર માખણ લગાડવાની ક્રિયાને ગ્રીસ કરવું કહેવાય છે.

**ગાર્નિશ કરવું**

કોઈ પણ વાનગીની સજાવટ કરવાની ક્રિયાને ગાર્નિશ કરવું કહેવાય છે. ઉદાહરણ તરીકે ખાંડવી પર કોથમીર છાંટવી તે માટે ખાંડવીને કોથમીરથી ગાર્નિશ કરવી કહેવામાં આવે છે.

**બ્લન્ચ**

બ્લન્ચ કરવું એટલે બહુ થોડા સમય માટે બાફવું. જેમ કે પાલખની ભાજીને બ્લન્ચ કરીને તેની પેસ્ટ બનાવામાં આવતી હોય છે. જેથી તે મુલાયમ બની જાય છે. ફળને પણ બ્લન્ચ કરવામાં આવતું હોય છે જેથી તેની છાલ મુલાયમ થઈ જાય. ૩૦ સેકન્ડ સુધી જ બાફીને સામગ્રીને ઠંડાપાણીમાં નાખવી જેવી છાલ ઝડપથી ઉખડી જાય છે.

**રોસ્ટ કરવું**

શેકવાની ક્રિયાને રોસ્ટ કરવું કહે છે જેમ કે સીંગદાણા, સુકા મસાલા શેકવા.

**બીટ કરવું**

દહીં, બટર વગેરે ખાદ્ય પદાર્થોને ફીણવાની ક્રિયાને બીટ કરવું કહે છે.

**ચર્ન કરવું**

ઘી કરવા માટે મલાઈને ફીણવું તેમજ લસ્સી બનાવા માટે દહીને ફીણવાને ચર્ન કરવાનું કહેવાય છે.

**ડીપ ફ્રાઈ કરવું**

ડીપ ફ્રાઈનો મતલબ છે તેલમાં તળવું.

**ક્રશ કરવું**

ભુક્કો કરવાને ક્રશ કરવું કહે છે.

**બ્લેન્ડ કરવું**

બ્લેડ કરવું એટલે બે થી વધુ અધિક પાતળા ઘોળને સાથે ભેળવવાની ક્રિયાને બ્લેન્ડ કરવું કહેવાય છે.

**સ્પ્રેડ કરવું**

સ્પ્રેડ કરવું એટલે કે પાથરવું. જેમ કે બટર પર માખણ, ચટણી, પિત્ઝા પર ચીઝ વગેરે લગાડવાને સ્પ્રેડ કરવું કહેવાય છે.

**ક્રિસ્પી**

કોઈ પણ વાનગીને ક્રિસ્પી કરવાનો મતલબ છે કરકરી કરવી. નહીં કડક કે નહીં પોચી થવી જોઈએ.

**સ્ટફ કરવું**

સ્ટફ કરવાની ક્રિયા એટલે ભરવું. જેમ કે સંભારિયાના શાકમાં મસાલો ભરવામાં આવે છે. વિવિધ પરાઠામાં મસાલા ભરવામાં આવે છે. પેટીસમાં પણ મસાલો ભરવામાં આવતો હોય છે તેને સ્ટફ કરવું કહેવાય છે.

**સ્ટીમ કરવું**

ઈડલી, મૂઠિયા, ઢોકળા જેવી વાનગીઓને સ્ટીમ કરવું કહેવાય છે.

- જાવિકા આશર

★★★★

## ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મ : ૦૩-૦૨-૧૯૬૧

અરિહંત શરણ : ૧૬-૦૭-૨૦૨૬

### સ્વ. શ્રીમતી મીનાબેન દિલીપભાઈ પરીખ

(ઝેર નિવાસી)

વિધીના લખ્યા લેખ દૂર થઈ ગયા, હાસ્ય તણા જળહળીયા આંખોના પૂર થઈ ગયા, હજી ઘણી જરૂરીયાત હતી તમારી, પરંતુ તમે તો દૂર થઈ ગયા, જગતની દરેક સમૃધ્ધિ મળશે, પણ તમારા જેવી કુશળતા ક્યાંય નહી મળે.

શ્રી.દિલીપભાઈ એસ. પરીખ (મૂળ વતન ઝેર) હાલ સુરત, જેઓ મહાસંઘના દક્ષિણ ગુજરાત ઝોનના **'સાંસદ'** છે અને સેન્ટ્રલ યુનિટની કેબિનેટ માં **'સહમંત્રી'** તરીકેની ફરજો બજાવે છે. સ્વ. મીનાબેન દિલીપભાઈના ધર્મપત્ની હતાં.

❖ શ્રધ્ધા સુમન અર્પણકર્તા ❖

ગુજરાતી દિગંબર જૈન સમાજ મહાસંઘના સાંસદો / લોકપ્રતિનિધિઓ / કારોબારી સભ્યો

## ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મ : ૨૦/૧૧/૧૯૩૬

અરિહંત શરણ : ૩૦-૦૭-૨૦૨૬

### સ્વ. જયંતિલાલ નેમચંદ શાહ

(ભાલકવાળા-હાલ મલાડ-મુંબઈ)

**સમાજ વિકાસ મંડળ તથા અન્ય સંસ્થાઓના સ્થાપક હતાં**

તમે જીવનને ચોક્કસ અર્થ આપ્યો, અને જીવનની સફર પુરૂષાર્થથી પ્રવૃત્તિમય રહી પૂરી કરી.
જે સાર્થકતા અને સંતોષની લાગણી આપી ગયું.
તમે જીંદગીમાં આવી પડનારી સુખ-દુ:ખની પરિસ્થિતિઓનો એને જીંદગીમાં આવી પડનારી આંટીઘૂંટી ઉકેલવાની સૂઝબૂઝ આપી, જે અમારે મન બીજા બધા વારસા કરતા વધારે મહત્વની અને કિંમતી છે....

❖ શ્રધ્ધાસુમન અર્પણકર્તા ❖

શ્રીમતી તારાબેન જયંતિલાલ શાહ

નયન જયંતિલાલ શાહ  યોગેશ જયંતિલાલ શાહ  રશ્મિબેન મુકેશકુમાર કોઠારી

# લોકાધાર સમાજ હિતચિંતક સદસ્યોના સ્નેહીસ્વજનોને શ્રધ્ધાસુમન અર્પણ

## ૧૩મી પુણ્યતિથી




**સ્વ.ઇન્દિરા રમેશચંદ્ર મીઠાલાલ**

(ભાલક) સ્વ.તા.૨૮/૮/૨૦૧૩

**'માઁ', પહેલા આંસુ આવતા ત્યારે તુ યાદ આવતી. હવે તું યાદ આવે છે, અને આંસુ આવે છે ! માનવજાતિના હોઠ પરના સૌથી સુંદર શબ્દ છે 'માઁ', અભય અને આશિર્વાદ થી અમૃતવેલ એટલે 'માઁ'**

**સમસ્ત શાહ પરિવાર**

## ૧૬મી પુણ્યતિથી




**સ્વ.આનંદીબેન કોદરલાલ મહેતા**

(કાંકરોલવાળા) સ્વ.તા.૩૧/૮/૨૦૧૦

લાખો નિરાશાની આશા એટલે 'મા',
લાખો ઇચ્છાની અભિલાષા એટલે 'મા',
જિંદગીની રાહ પર કેળવવાની દિશા એટલે 'મા',
દુનિયાના વ્યવહારોની પરિભાષા એટલે 'મા',
આ મેસેજ વાંચવા તમારૂં અસ્તિત્વ આ દુનિયામાં છે
તેનું એક જ કારણ છે 'મા'

**સમસ્ત મહેતા પરિવાર**

## સાતમી પુણ્યતિથી



**C.A. સ્વ. મંગળદાસ ડી. શાહ**

જન્મતારીખ : ૨-૧૦-૧૯૩૪
સ્વર્ગવાસ તા. : ૩૧-૮-૨૦૧૯

**આપના નિર્દેશ કરેલ કાર્યોને પુરા કરવા ઇશ્વર અમને શક્તિ આપે અને આપના પવિત્ર આત્માને શાશ્વત સુખ અને પરમશાંતિ આપે એજ પ્રાર્થના**

**સંઘ-મહાસંઘ મેનેજમેન્ટના સર્વ તરફથી અંતઃકરણપૂર્વક ભાવભીની શ્રધ્ધાંજલી...**

## આઠમી પુણ્યતિથી



**સ્વ.ચિનુભાઇ છોટાલાલ કોઠારી**

પેથાપુર, હાલ મલાડ (પૂર્વ)

જન્મ : ૨૫/૩/૧૯૪૩ • સ્વર્ગવાસ : ૨૦/૮/૨૦૧૮

કોઇ અંતરની વાત બહુ જ તકલીફ આપે છે, સાથે વીતેલી સાંજ ખૂબ જ તકલીફ આપે છે, રહી તો શકાય છે કોઇના વગર, પણ રહી ગયેલી આપની યાદ ખૂબ જ તકલીફ આપે છે.

❖ શ્રધ્ધાસુમન અર્પણ કરતાં ❖

**આનંદીબેન સી.કોઠારી**
**હિતેશ ચીનુભાઇ કોઠારી**
**સમસ્ત કોઠારી પરિવાર**

## વડીલો એકલા પડી ગયા....!

રૂમ તો વધ્યા ઘરમાં, પણ દિલના ખૂણા નાના થઇ ગયા,
જેણે આપણને આપ્યા પગ, એ જ ચાલતા થાકી ગયા.
બે મિનિટનો પ્રેમ ને થોડો આદર માંગે છે આ ઘડપણ,
પણ કલિયુગની આ દોડમાં, **વડીલો એકલા પડી ગયા...!**

અનુભવનો દરિયો સાચવીને બેઠા છે એક ખૂણામાં,
કોઇ સાંભળે એમને, એ આશ રાખીને બેઠા છે અંધારામાં.
નથી જોઇતી એમને સંપત્તિ કે આ મોટા બંગલા,
બસ, વાતો કરવાના અભાવે **વડીલો એકલા પડી ગયા...!**

જેમણે આપણી ખુશીઓ માટે આખી જિંદગી ઘસી નાખી,
એમના જ ઘરમાં એમની જરૂરિયાત આપણે ભૂલી ગયા.
સલાહ-સૂચન નો દૂર, કોઇ પૂછવા વાળું પણ નથી રહ્યું.
અને પોતાના જ ઘરની અંદર, **વડીલો એકલા પડી ગયા...!**

**NEW INDIA ASSURANCE**

The New India Assurance Co. Ltd. | Est. 1919

UIN: NIAHLIP25039V102425 | IRDAI Regn. No. 190

SHAH FINANCIAL® SERVICES

# UPLIFT PLAN 2026

## Health cover that rises with your life.

New India Floater Mediclaim Policy with high sum insured options, modern treatment coverage and valuable rider benefits.

SUM INSURED
**₹25 LAKH - ₹5 CRORE**

### ROOM RENT
Enhanced room rent & ICU/ICCU cover up to actuals

### HEALTH CHECK-UP
Screenings & check-ups rewarded up to ₹20,000

### CUMULATIVE BONUS
Sum insured grows up to 100% for claim-free years

### ORGAN TRANSPLANT
Cover for insured & donor up to Sum Insured

### AYUSH COVER
Ayurveda, Yoga, Unani, Siddha & Homeopathy up to 100% SI

### CRITICAL CARE
Lump sum up to ₹5 lakh on diagnosis of critical illness

## ADVANCED & MODERN TREATMENTS

Selected modern procedures covered

- Robotic Surgery
- Stem Cell Therapy
- Deep Brain Stimulation
- Stereotactic Radiosurgery
- Oral Chemotherapy
- Immunotherapy
- Laser Prostate Treatment
- Intravitreal Injection

## MAKE YOUR COVER WORK HARDER

Optional rider benefits include:

- Day 1 protection for Hypertension, Diabetes & Cardiac conditions
- Maternity rider
- CB Protect rider
- 90-day pre & 180-day post hospitalisation cover
- 100% restoration of Sum Insured
- Non-medical & durable medical device support

## PROTECT YOUR FAMILY. UPLIFT YOUR COVER.

Ask for the New India Floater Mediclaim Policy - UPLIFT PLAN 2026

Divyesh H Shah:- 98205 16806
Smeet D Shah:- 98209 86806

*Terms & conditions apply. Please refer to the policy wording/prospectus for complete details.

REGISTERED WITH REGISTRAR OF NEWSPAPER UNDER RNI NO. MAHGUJ/2005/15912
POSTAL REGD. NO. MCS/052/2024-26 • WPP License No. MR / Tech / WPP-297 / South / 2024-26
LOKADHAR Published on 15TH AUGUST 2026 Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001 on 19th & 20th of Every month



ઉત્તર ગુજરાત ઝોન અંતર્ગત હિંમતનગર ડિવિઝન દ્વારા

# ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૬ નું આયોજન



ઉત્તર ગુજરાત ઝોન અંતર્ગત હિંમતનગર ડિવિઝન દ્વારા અગાઉ ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને ખેલાડીઓ તેમજ ક્રિકેટપ્રેમીઓ તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો.

ગત ટુર્નામેન્ટની ભવ્ય સફળતા અને લોકોમાં જોવા મળેલા ઉત્સાહને ધ્યાનમાં રાખીને આ વર્ષે પણ હિંમતનગર ડિવિઝન દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૬ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટનું આયોજન **ધ ગેલેક્સી સ્પોર્ટ્સ્ કલબ, સર્વોદય હોટલ પાસે, NH-8, હિંમતનગર** ખાતે કરવામાં આવશે.

**તારીખ : ૨૫, ૨૬ અને ૨૭ ડિસેમ્બર, ૨૦૨૬**

ક્રિકેટપ્રેમીઓ અને ઈચ્છુક ટીમોને આ ભવ્ય ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે હાર્દિક આમંત્રણ છે.

ભાગ લેવા ઈચ્છુક ટીમો/સભ્યોએ ઉત્તર ગુજરાત ઝોન તથા હિંમતનગર ડિવિઝનનો સંપર્ક કરવા વિનંતી છે.

**આ ભવ્ય ક્રિકેટ મહોત્સવને સફળ બનાવવા સૌના સહકાર અને ઉત્સાહની અપેક્ષા રાખવામાં આવે છે.**

## લોકાધાર સંરક્ષક ટ્રસ્ટી

૧) શાહ વિજયભાઈ ચંદુલાલ મોહનલાલ (ટ્રેઝર ગ્રુપ-અંધેરી)
૨) શ્રી દિગંબર જૈન સમાજ-અલકાપુરી વડોદરા દ્વારા સંચાલિત
શ્રી ૧૦૦૮ ચિંતામણી પાર્શ્વનાથ દિગમ્બર જૈન મંદિર, ગોત્રી રોડ, વડોદરા.
૩) સ્વ.શાહ શાંતાબેન ભોગીલાલ મગનલાલ (ભોજવાળા)
૪) શાહ ચંદ્રેશભાઈ અમૃતલાલ (USA)
૫) ગાંધી નિખિલ સેવંતીલાલ અમૃતલાલ (સોનાસણ-અમદાવાદ)
૬) પુણ્યોદય તીર્થક્ષેત્ર, શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, શિરસાડ (વિરાર)
૭) શાહ કાન્તાબેન કાન્તિલાલ કેશવલાલ પરિવાર, ઉજેડીયા (તલોદ-વડોદરા)
૮) શાહ મગનલાલ નાથાલાલ, ભોજવાળા (હ.મોનીશ પ્રતિક મહેશચંદ્ર શાહ-વડોદરા)
૯) કોટડીયા ચેતનાબેન સુભાષચંદ્ર સોમચંદ (વાપી)
૧૦) શ્રી શાહ સી.એમ. (છગનકાકા) તથા શ્રીમતિ કમળાબેન સી.એમ.શાહ તથા તેમનો પરિવાર (સાયમા-લંડન)
૧૧) ગાંધી વિમળાબેન દિનેશચંદ્ર ચંદુલાલ હસ્તેઃ સ્વ.ડો.પૂર્વી,અપૂર્વ, સેજલ, અનેરી, આરવ, સોનાસણ (અમદાવાદ)
૧૨) સંસ્થાપક શ્રી. વિનોદચંદ્ર ચુનીલાલ ગાંધી, સી. એ. (મુંબઈ-ગોરા)
૧૩) સ્વ. કોટડીયા અરૂણાબેન મહેન્દ્રકુમાર બેરણા-ઈન્દોર (હસ્તે : સુપુત્રો ચિ.અમિત/ચિ.અભય)

**'લોકાધાર' અંગે પત્રવ્યવહારનું સરનામું :**

તંત્રીશ્રી - શ્રી જૈન યુવા સંઘ,
આર.કે.બિલ્ડિંગ નં.૩,
૮મી ખેતવાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોન : (૦૨૨) ૬૬૩૩ ૭૪૭૯
મોબા.: ૯૩૨૪૫ ૦૮૦૫૬ (જે.પી.)

Printer & Publisher: On behalf of Jain Yuva Sangh, Vasant M. Kotadia printed LOKADHAR at Fakhri Printing Press, 312/A, Byculla Service Ind. Estate, Dadaji Kondev Cross Road, Byculla, Mumbai-400 027 & Published at 8th Khetwadi, R.K.Bldg. No.3, Mumbai-400 004, • Tel. : (022) 6633 7479
Editor: Pankaj B.Shah, 8th Khetwadi, R.K.Bldg. No.3, Mumbai-400 004.

